Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।।

।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।।

।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં. ૧૪૫ ૪૦

# અમરદત્ત મિત્રાનંદ ચરિત્ર.

નંબર ૩૩૭ લાયબ્રેરી.

સર્વ જૈન ભાઇઓને વાસ્તે.

શ્રાવક હીરાલાલ વિ. હંસરાજ.

પરિશિષ્ટ પર્વ તથા વિવેક વિલાસ આદિક ગ્રંથોના
ભાષાંતર કર્ત્તાએ સંસ્કૃત ઉપરથી
ભાષાંતર કરી છપાવી પ્રસિદ્ધ
કર્યું.

મુંબઇ.

રાજ્યભક્ત પ્રીંટીંગ પ્રેસમાં કાળીદાસ સાંકળચંદે
છાપ્યું.

સંવત ૧૯૪૭ સને ૧૮૯૧.

કીંમત રૂ૦-૬-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અર્પણ પત્રિકા.

## મેહેરબાન સાહેબ શાં. કેશવજી લખમશી.

આપ આપણા અપૂર્વ જૈનધર્મની ઉન્નતિ કરવામાં અનોપમ ઉત્કંઠા ધરાવો છો, તથા ધર્મના સર્વોત્તમ કાર્યોમાં આપનું દ્રવ્ય ખરચી, અપૂર્વ પુણ્ય ઉપાર્જન કરી, ઘણા કષ્ટથી પ્રાપ્ત થએલા આ મનુષ્ય જન્મને સફળ કરોછો. વળી આપણા સાધર્મી ભાઇઓની ઉન્નતિ કરવામાં આપ અતિશય ઉત્કંઠા ધરાવો છો. તથા તે કાર્યમાં આપ, આપના તન, મન, તથા ધનથી બનતી મદદ કરો છો. વળી આપણા ધર્મના કેટલાક અમૂલ્ય પ્રાચિન પુસ્તકો છપાવી બહાર પાડી ભવ્ય જીવને બોધ પમાડવા વાસ્તે આપનું હૃદય અતિ ઉત્કંઠા ધરાવે છે, તેથી આ પુસ્તક આપના કરકમળમાં હું અર્પણ કરૂંછું, તે સ્વિકારશો એવી આશા છે.

**શ્રાવક. હીરાલાલ વિ. હંસરાજ; પંડિત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

અહો ! મારા પ્યારા જૈનબંધુઓ ! આપના ધ્યાનમાં હશે કે, ક્રોધ, માન, માયા, તથા લોભ એ ચાર દુષ્ટ કષાયો, ઘણાજ દુઃખદાયક છે, અને તેથીજ આપણને આ અપાર ભવસાગરમાં ભમવું પડે છે. તથા એવી રીતે, નર્ક, તિર્યંચ, આદિક દુર્ગતિના ભુવનોમાં જઇ અત્યંત દુઃખ સહન કરવું પડે છે. માટે તે દુર્ગતિદાયક દુષ્ટ શત્રુઓનો નાશ કરવાની સર્વ લોકોને ઘણીજ આવશ્યકતા છે. માટે સર્વ મનુષ્યો તે દુશ્મનોને જીતી, પોતાના આત્માને નિઃકંટક કરશે એ મારી પ્રાર્થના છે. અને જો આળસ્યમાં મગ્ન થઇ, તેઓને ઉપેક્ષી મૂકશો, તો મિત્રાનંદ નામના માણસની પેઠે, તમારે અપાર દુઃખ સહન કરવું પડશે. તે મિત્રાનંદ તથા અમરદત્તનું ચરિત્ર આપની દૃષ્ટિ આગળ નિવેદન કરૂં છું, તે સ્વસ્થ ચિત્તે વાંચી તથા તેનો અમૂલ્ય સાર આપના હૃદયમાં ધારણ કરી, તે દુશ્મનોનો નાશ કરવા પ્રયત્ન કરશો, એ મારી વિનંતિ છે. આ ચરિત્રમાં મિત્રાનંદ તથા અમરદત્તના ચરિત્રનું વર્ણન કરવામાં આવશે. તેમાં મિત્રાનંદને, તેના પૂર્વ ભવમાં કષાય સેવવાથી, કેટલું દુઃખ સહન કરવુ પડયું હતું, તેનો આબેહુબ ચિતાર નિવેદન કરવામાં આવશે. તે વાંચી, આપ સાહેબો તેનો લાભ લેશો એવી આશા છે. એજ વિનંતિ.

**શ્રાવક, હીરાલાલ વિ. હંસરાજ પંડિત.**

**જામનગરવાળા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમરદત્ત મિત્રાનંદ ચરિત્ર

## શિખરણીછંદ.

ભજો ભવ્યો ભાવે ભુવનવિભુને ભક્તિ ભરથી,
નમો શ્રીચારિત્ર વિજય ગુરૂને ગૌરવ થકી;
લહો લોકો લાવો લવ લગનમાં લાભ લઇને,
જિનેશે ભાખેલા જિનધરમનો ચિત્ત દઇને. ૧

અહો! ભવ્ય લોકો, તમેં આ અમૂલ્ય મનુષ્યજન્મ પામી, કદી પણ, કષાયના ફાંસામાં ફસાઈ જઈ, દુર્ગતિદાયક કર્મો બાંધી, તમારા આત્માને નરક રૂપી કુવામાં ફેંકવા ઉત્સાહ ધરશો નહીં. નહીં તો મિત્રાનંદની પેઠે દુઃખાવસ્થાને પ્રાપ્ત થશો. તે અમરદત્ત તથા મિત્રાનંદનું ચરિત્ર હું કહું છું, તે સાંભળવા આપના શ્રવણને જરા તસ્દી આપશો.

આજ ભરતક્ષેત્રમાં સુરપુરી સમાન અમરતિલક નામે નગરી છે, ત્યાં મકરધ્વજ નામે રાજા હતો. તેને મદનસેના નામે રાણી હતી. તેઓને પદ્મકેશર નામે પુત્ર હતો. એક દહાડો તે મદનસેના રાણીએ રાજાના મસ્તકમાં શ્વેત વાળ જોયો. તે જોઇ તેણિએ રાજાને કહ્યું કે, હે સ્વામિનાથ, "આ દૂત આવ્યો." ત્યારે રાજા તો સંભ્રમ થઇ દિશાઓ તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. પણ કોઇ દૂત દૃષ્ટિએ ન પડવાથી રાણીને કહેવા લાગ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે, હે પ્રિયા, તે દૂત ક્યાં છે? ત્યારે રાણીએ રાજાના મસ્તકમાં રહેલો શ્વેત વાળ તેને બતાવી, કહ્યું કે, હે સ્વામિ, આ ધર્મરાજાએ[1] શ્વેત વાળરૂપી પોતાનો દૂત મોકલ્યો છે. માટે હવે તમારે ધર્મકાર્ય કરવું જોઇએ. રાણીના આવાં વચનો સાંભળી રાજા ચિંતવવા લાગ્યો કે, મારા પૂર્વજોએ શ્વેત વાળ દેખાયા પહેલાં દિક્ષા લીધેલી છે, અને હું તો આ વાળ દેખાયા છતાં પણ, હજુ રાજ્યનો લોભ રાખી, વિષયમાં આસક્ત થઇ, બેશી રહ્યો છું, માટે મને ધિક્કાર છે. એવી રીતે ચિંતાતુર થએલા રાજાને જોઇ, રાણી, તેનો અભિપ્રાય ન જાણી, હાંસીથી કહેવા લાગી કે, હે સ્વામિ, જો આપને વૃદ્ધાવસ્થાથી લજ્જા થતી હોય, તો, આપણે નગરીમાં એવો પડો વજડાવીએ કે, "જે કોઇ માણસ, રાજાના વૃદ્ધપણાવિષે મુખથી એક પણ શબ્દ બોલશે, તેને મૃત્યુ ને શરણ કરવામાં આવશે." રાણીના આવાં વચનો સાંભળી રાજાએ કહ્યું કે, હે પ્રિયા, આવું નિર્વિવેક વચન તું કેમ બોલે છે? ખરેખર અમારા સરખા માણસોને જરા[2] તો એક આભૂષણ છે. એવી રીતે રાજાનું વચન સાંભળી રાણી કહેવા લાગી કે, હે સ્વામિ, ત્યારે આ શ્વેત વાળ જોઇ, આપનું મુખારવિંદ મલીનતાને કેમ પ્રાપ્ત થયું છે? પછી રાજાએ પોતાને પ્રગટ થએલો વૈરાગ્યભાવ રાણીને નિવેદન કરી, તાપસી દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. ત્યારે રાણીએ પણ વૈરાગ્યથી તેની સાથે દીક્ષા લેવા-

---

૧ યમરાજા. ૨ ઘડપણ. (old age.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની ઇચ્છા કરી. પછી તેઓ બન્ને તાપસી દીક્ષા લઇ, વનમાં રહેવા લાગ્યા. હવે તે વખતે રાણીના ઉદરમાં ગૂઢ ગર્ભ રહ્યો હતો. પછી અનુક્રમે તે ગર્ભ વૃદ્ધિ પામતો હતો. પછી તે વાત રાણીએ પોતાના સ્વામિને કહી, સ્વામિએ પોતાના ગુરૂને કહી, ત્યારે ગુરૂએ તેણીની સંભાળ વાસ્તે, તાપસણીઓને સોંપી. સમય સંપૂર્ણ થયે રાણીએ, એક શુભ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. એવામાં કર્મયોગે, રાણીને અપથ્ય અહારથી, રોગોત્પત્તિ થઇ. ત્યારે સઘળા તાપસો ચિંતાતુર થઇ વિચારવા લાગ્યા કે, ગૃહસ્થીઓના બાળકો પણ, તેઓની માતાવિના પાળવાં દુ:કર થઇ પડે છે, ત્યારે આપણે આ બાળકનું શી રીતે રક્ષણ કરી શકીશું? એવી રીતે સઘળા તાપસો એકઠા મળી વિચાર કરે છે, એવામાં ઉજ્જયની નગરીનો રહેવાસી દેવધર નામે એક વણિક વેપારી ત્યાં આવી ચડયો. તેણે તાપસોને વાંદ્યા; તથા તેમને ચિંતાતુર જોઇ, તેઓની ચિંતાનું કારણ પૂછયું ત્યારે તાપસોના ગુરૂએ કહ્યું કે, હે શેઠજી, તમે જો અમારા દુ:ખથી દુ:ખી થતા હો, તો આ બાળકને લઇ જઇ તેનું સંભાળથી પોષણ કરજો! પછી શેઠે તે બાળકને અનુગ્રહસાથે[1] લઇ, પોતાની સ્ત્રી, દેવસેનાને સોંપ્યો. તે દેવસેનાએ પેહેલાં એક પુત્રીને જન્મ આપ્યો હતો, તે પણ તે બાળક જેવડીજ હતી. હવે તે મદનસેના પણ પોતાના પુત્રને સારે સ્થાનકે પ્રાપ્ત થએલો જોઇ આનંદ પામી; તથા

---

[1] ખુશીથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી રોગના ઉપદ્રવથી થોડા દિવસમાં મૃત્યુ પામી. પછી તે દેવધર શેઠે ઘેર જઇ, તે પુત્રનું ઉત્સવપૂર્વક અમરદત્ત નામ પાડયું. તથા પુત્રીનું સુરસુંદરી નામ પાડયું ત્યારે લોકોમાં એવી વાત ચાલી કે, દેવધરની સ્રીએ યુગલગર્ભને જન્મ આપ્યોછે. વળી તેજ ઉજ્જયની નગરીમાં એક સાગર નામે શેઠ વસતો હતો. તેને મિત્રશ્રી નામે સ્રી હતી. તથા તેઓને મિત્રાનંદ નામે પુત્ર હતો. તે મિત્રાનંદને તથા અમરદત્તને મિત્રાચારી થઇ. તેઓ બન્નને અન્યોઅન્ય ઘણીજ પ્રીતિ થઇ. એક દહાડો વર્ષાકાળે તે બન્ને મિત્રો ક્ષિપ્રાનદીને કાંઠે એક વડના વૃક્ષ નજદીક મોઇડાંડીઆની ક્રીડા કરવા લાગ્યા. તે વખતે અમરદત્તે પોતાની જે મોઇ ઊંચે ઉછાળી, તે મોઇ વડ ઉપર લટકાવેલા એક ચોરના શબના મુખમાં જઇ પડી. ત્યારે મિત્રાનંદ હસીને અમરદત્તને કહેવા લાગ્યો કે, હે મિત્ર, જો! જો! આ કેવું આશ્ચર્ય છે? આ આપણી મોઇ, પેલા શબના મુખમાં જઇ પડી. મિત્રાનંદના આ વચનો સાંભળી તે શબ બોલવા લાગ્યું કે, હે મિત્રાનંદ, તું પણ આજ જગોએ બંધાઇશ, તથા તારા મુખમાં પણ આવીજ રીતે મોઇ, આવીને પડશે. શબના આવાં વચનો સાંભળી, મિત્રાનંદને મૃત્યુની બીકથી ક્રીડામાં જરા પણ ઉત્સાહ રહ્યો નહીં. ત્યારે તે મિત્રને કહેવા લાગો કે, આપણી મોઇ આ શબના મુખમાં પડી માટે તે અપવિત્ર થઇ; તેથી આપણે હવે કાલે બીજી મોઇ લાવી રમીશું. અમરદત્તે કહ્યું કે, હે મિત્ર, મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે બીજી મોઇ છે, માટે તેનાથી રમીશું; તો પણ મિત્રાનંદે રમવાની ના પાડી. પછી તે બન્ને પોતપોતાને ઘેર ગયા. બીજે દિવસે, અમરદત્તે મિત્રાનંદને શોકાતુર થએલો જોઇ, પૂછયું કે, હે મિત્ર, તું આમ ઉદાસ થઇ કેમ બેઠેલો છે? ત્યારે મિત્રાનંદે, તે શબના વચનની વાત કહી સંભળાવી. ત્યારે અમરદત્તે કહ્યું કે, હે મિત્ર, શબ કદી મુખથી બોલી શકે નહીં, ખરેખર તે કોઇ વ્યંતરની ચેષ્ટા છે. વળી તે સત્ય હોય, અથવા અસત્ય હોય, અથવા હાંસીનું પણ વચન હોય. તોપણ માણસે હિંમત નહીં છોડવી જોઇએ. ત્યારે મિત્રાનંદ બોલ્યો કે, હે મિત્ર, જે કર્મમાં લખેલું છે, તેને નિવારણ કરવાને હિંમત કંઇ શક્તિવાન નથી. ત્યારે અમરદત્તે કહ્યું કે, હે મિત્ર, તેં જ્ઞાનગર્ભ મંત્રિની વાત સાંભળી નથી? તેણે હિંમતથી, નિમિત્તિઆએ કહેલી મૃત્યુની આપદાનું પણ નિવારણ કર્યું હતું. ત્યારે મિત્રાનંદે કહ્યું કે હે ભાઇ, તે કેવી રીતે? મને કહી સંભળાવ. ત્યારે અમરદત્ત કહેવા લાગ્યો કે, આજ ભરતક્ષેત્રમાં ધન ધાન્યથી સંપૂર્ણ ચંપા નામે નગરી છે, ત્યાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને જ્ઞાનગર્ભ નામે મંત્રિ હતો. તેના ઉપર રાજાની ઘણીજ મેહેરબાની હતી. તે મંત્રિને ગુણાવલી રાણી હતી. તેઓને સુબુદ્ધિ નામે પુત્ર હતો. ઘણોજ સ્વરૂપવાન હતો. એક દહાડો તે રાજા, પોતાના મંત્રિ સામંત આદિક પરિવાર સહિત રાજ સભામાં બેઠો હતો, એટલામાં, આઠ પ્રકારના નિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્ત જાણનારો એક નિમિત્તિઓ ત્યાં આવી ચડયો. સભામાં આવી રાજાને આશિર્વાદ દઇ, એક મોટા આસનપર બેઠો. ત્યારે રાજાએ તેને નમ્રતાથી પૂછયું કે, હે નિમિત્તજ્ઞ, તને કેટલુંક જ્ઞાન છે? ત્યારે તેણે કહ્યું કે, હે રાજા, હું નિમિત્તના પ્રભાવથી લાભ, અલાભ, જીવિત, મરણ, આવવું, જવું, સુખ, તથા દુઃખ, એ આઠે વસ્તુઓનું જ્ઞાન જાણું છું. ત્યારે રાજાએ કહ્યું કે, આ મારા પરિવારમાં, એક પખવાડીઆની અંદર, જે કંઇ આશ્ચર્ય, તારા નિમિત્તથી તું જાણતો હો, તે મને કહે? રાજાનું આવું વચન સાંભળી, નિમિત્તિઆએ કહ્યું કે, આ પખવાડીઆમાં, તમારા આ જ્ઞાનગર્ભ નામના મંત્રિને કુટુંબ સહિત મૃત્યુ કષ્ટ આવશે, એમ હું જાણું છું. નિમિત્તિઆનું આ વચન સાંભળી, રાજા, તથા સભાના સઘળા માણસો શોકાતુર થયા. પછી મંત્રિ દુઃખિત થઈ તે નિમિત્તિઆને સાથે લઇ, પોતાને ઘેર આવ્યો. તેજ વખતે તેણે તે નિમિત્તિઆને આદરમાન આપી; મધુર વચનોથી પૂછયુ કે, હે ભદ્ર, મને કેવી રીતે કષ્ટ પડશે? ત્યારે નિમિત્તિએ કહ્યું કે, તારા મોટા પુત્રથી તને આપદા પડશે. પછી તે મંત્રિએ નિમિત્તિઆને આદરમાન દઇ, વિસર્જન કર્યો; તથા તેજ વખતે પોતાના પુત્રને બોલાવી, તેને કહ્યું કે, હે વત્સ, આ વખતે જો તું, મારું વચન માને, તો, આપણી આ મૃત્યુની આપદાનું નિવારણ થાય. ત્યારે પુત્ર વિનયથી નમ્ર થઇ, પોતાના પિતાને કહેવા લાગ્યો કે, હે તાત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે આપ હુકમ કરશો, તે કરવાને હું તૈયાર છું. પુત્રનાં આવાં વચનો સાંભળી, મંત્રિએ એક પેટી મગાવી. તેમાં અન્ન પાણી ભરી, પોતાના પુત્રને નાખ્યો. પછી તે પેટીને આઠ તાળાં દઇ, રાજાને કહ્યું કે, હે સ્વામિ, આ સઘળું મારૂં ધન આપે સાચવવું. ત્યારે રાજાએ કહ્યું કે, હે મંત્રિ, આ સઘળું ધન તું ધર્મમાં વાપરી નાખ? તારાવિના આ ધન હવે મને શું ઉપયોગનું છે? પછી રાજાએ મંત્રિના ઘણા ઉપરોધથી તે [1]મંજુષા રાખી. પછી મંત્રિએ ઘેર આવી, અઠાઇ મહોત્સવનો પ્રારંભ કર્યો. સંઘની પૂજા કરવા લાગ્યો, કંગાલ લોકોને દાન દેવા લાગ્યો, તથા [2]અમારીનો પડો વજડાવ્યો, તથા શાંતિ પાઠનો પણ પ્રારંભ કરાવ્યો. વળી પોતાની આસપાસ હથિયારબંધ સુભટોને રાખ્યા; અને પોતે પોતાના ઘરદેરાસરમાં બેશી ધર્મધ્યાન કરવા લાગ્યો. એમ કરતાં કરતાં પંદરમો દિવસ થયો, ત્યારે રાજાના અંતઃપુરમાં એવી વાણી પ્રગટ થઇ કે, "હે લોકો! દોડો! દોડો! મંત્રીનો સુબુદ્ધિ નામનો પુત્ર રાજકુમારીનો [3]વેણીદંડ કાપીને, કયાંક જતો રહ્યો." ત્યારે રાજા કોપાયમાન થઇ, વિચારવા લાગ્યો કે, તે મંત્રિના પુત્રને મેં ઘણું માન આપ્યું, તો પણ તે દુષ્ટે આવું નિષ્ઠુર કામ કર્યું; એમ વિચારિ રાજાએ કોટવાલને હુકમ કર્યો કે, તે મંત્રિને, તેના કુટુંબ સહિત મારી નાખો? તથા એના ચાકરોને પણ મારી નાંખવા. એમ કહી રાજાએ મંત્રિને ઘેર પો

---

૧ પેટી ૨ અહિંસા. ૩ ચોટલો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાનું સઘળુ સૈન્ય મોકલ્યું. ત્યારે મંત્રિના સૈન્યે, તે સૈન્યને અટકાવ્યું. પછી એટલામાં મંત્રિએ આવી રાજાના સેનાપતિને, પોતાને એકવાર રાજાપાસે લઇ જવાનું કહ્યું; ત્યારે તેઓ પણ દાક્ષિણતાથી તેને રાજાપાસે લઇ ગયા. પછી તે મંત્રિ રાજસભામાં ગયો, ત્યારે રાજાએ ક્રોપથી તેની સામું પણ જોયું નહીં. ત્યારે મંત્રિએ હાથ જોડી રાજાને વિનંતિ કરી કે હે સ્વામિ, એકવાર તે પેટી મને ઉઘાડવાની રજા આપો? તેમાં રહેલી વસ્તુને લઇ, પછી આપને જે ઉચિત લાગે તે કરજો. ત્યારે રાજાએ કહ્યું કે, તું મને દ્રવ્યની લાલચમાં નાખી સંતોષવાનો ઉપાય કરે છે? ત્યારે મંત્રિએ કહ્યું કે, હે સ્વામિ મારા પ્રાણ આપનેજ આધિન છે. પણ એકવાર તે પેટી ઉઘાડી જુઓ પછી રાજાએ તેના ઘણા ઉપરોધથી, તે પેટી મગાવી, તાળાં તોડાવ્યાં. ત્યારે તેની અંદર મંત્રિના પુત્ર સુબુદ્ધિને જોયો. તેના જમણા હાથમાં એક છરી હતી, તથા ડાબા હાથમાં [1]વેણીદંડ હતો, તથા તેના પગ પણ બાંધેલા હતા. એવી રીતે તેને જોઇ, રાજા વિસ્મય પામ્યો, તથા તે બાબતનો ખુલાસો મંત્રિને પૂછયો. ત્યારે મંત્રિએ કહ્યું કે, હે રાજા, તે બાબત હું કાંઇ જાણતો નથી. આપેટીતો મેંઆપને સોંપી હતી. અને આપે તો, આ નિરપરાધિ અમોને પરમાર્થ જાણ્યાવિના મારી નાખવાનો હુકમ કર્યો હતો. મંત્રિના આવાં વચનો સાંભળી, રાજાએ લજ્જા પામી તેના પરમાર્થ કહેવા તેને ફરમાવ્યું. ત્યારે મંત્રિ કહેવા

---

૧ ચોટલો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો કે, હે સ્વામિ, મને તો એમ લાગે છે કે, કોઇ દુષ્ટ વ્યંતરે, પૂર્વ ભવના વેરથી, આ મારા નિરપરાધિ પુત્ર ઉપર આળ ચડાવેલું છે. એમ ન હોય તો, પેટીમાં ગોપવી રાખેલી વસ્તુની આ અવસ્થા કયાંથી થાય? પછી રાજાએ ખુશી થઇ, મંત્રિનો તથા તેના પુત્રનો ઘણો સત્કાર કર્યો. વળી રાજાએ મંત્રિને કહ્યું કે, હે મંત્રિ, આ સઘળું તેં કયાંથી જાણ્યું? ત્યારે મંત્રિએ કહ્યું કે, હે રાજા, તે સઘળું જ્યારે મેં તે નિમિત્તિઆને પૂછી જોયું ત્યારે તેણે મને કહ્યું કે, તારા પુત્રથકી તને આપત્તિ પડવાની છે. તેથી મેં આ યત્ન કર્યો. પણ શ્રી જૈનધર્મના પ્રભાવથી આ સઘળું શાંત થયું. પછી રાજાએ તથા મંત્રિએ વૈરાગ્ય પામી, પોતપોતાના પુત્રોને, સ્વસ્વ સ્થાનકે બેસાડી, દીક્ષા લીધી. પછી ઘણા કાળ સુધી દીક્ષા પાળી, અતિ ઉગ્ર તપ કરી, સુગતિએ ગયા. માટે હે મિત્ર, જેમ તે મંત્રિએ ઉદ્યમ કરી, વિઘ્નનું નિવારણ કર્યું, તેમ આપણે પણ આપણા વિઘ્નનું નિવારણ કરશું. માટે તુ વિષાદ નહીં કર? ત્યારે મિત્રાનંદે કહ્યું કે, હે મિત્ર, હવે આપણે શું કરવું? ત્યારે અમરદત્તે કહ્યું કે, આપણે આ સ્થાન છોડી દેશાંતર જશું. મિત્રનું આ વચન સાંભળી મિત્રાનંદે તેની પરીક્ષા જોવા વાસ્તે તેને પૂછ્યું કે, હે મિત્ર, તારા શરીરને દેશાંતર જવાથી ઘણું કષ્ટ પડશે. કારણ કે, તારૂં શરીર ઘણું કોમળ છે; વળી મને તો, તે શબના કહેવાથી દુઃખ ઘણે કાળે થશે, પણ તારા શરીરનો તો દેશાંતર જવાથી, હમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણોજ નાશ થશે. ત્યારે અમરદત્તે કહ્યું કે, હે મિત્ર ઘણું શું કહેવું? દેશાંતરમાં જે સુખદુઃખો પડશે, તે સઘળાં મારે તારી સાથેજ ભોગવવાં છે, કારણ કે કહ્યું છે કે,

**पापान्निवारयति योजयते हिताय ।**
**गुह्यानि गूहति गुणान्प्रकटीकरोति ॥**
**आपद्गतं च न जहाति ददाति काले ।**
**सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥**

અર્થ—ઉત્તમ મિત્ર, પોતાના મિત્રનું પાપ નિવારણ કરે છે. હિતને માટે યોજના કરે છે. ગુપ્ત વાતોને ગોપવી રાખે છે, ગુણોને પ્રગટ કરે છે, આપદાને વખતે પણ પોતાના મિત્રને તજતો નથી, યોગ્ય પ્રસંગે જે કંઇ જોઇએ તે આપે છે, માટે સંત પુરૂષો સુમિત્રના આવાં લક્ષણો કહે છે. ॥ ૧ ॥

**क्षीरेणात्मगतोदकाय हि गुणा दत्ताः पुरा तेऽखिलाः । क्षीरे तापमवेक्ष्य तेन पयसा ह्यात्मा कृशानौ हुतः ॥ गन्तुं पावकमुन्मनस्तदभवद् दृष्ट्वा तु मित्रापदम् । युक्तं तेन जलेन शाम्यति सतां मैत्री पुनस्त्विदृशी ॥ २ ॥**

અર્થ—દૂધે પોતા સાથે મળેલા જળને પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમસ્ત ગુણો આપી, પોતાના જેવુ બનાવ્યું. પછી દૂધને તાપ ઉપર ચડાવેલું જોઇ, પાણી પેહેલાંજ જઇ અગ્નિમાં પડયું. ત્યારે દૂધે મિત્રને કષ્ટ થતું જોઇ પોતે અગ્નિમાં ઉભરાઇ જઇ પ્રવેશ કરવાનું મન કર્યું. પણ તેમાં જ્યારે પાણી રેડયું ત્યારે તે શાંત થયું. માટે સત્પુરૂષોની મિત્રાઇ હમેશાં એવીજ રીતની હોય છે.

પછી તેઓ બન્ને ત્યાંથી નિકળી અનુક્રમે ચાલતાં પાટલીપુત્ર નામના નગરમાં પહોંચ્યા. તે નગરીના નંદન નામના બહારના ઉદ્યાનમાં તેઓએ, એક ઉંચા આકારથી વિંટાએલું, તથા ધ્વજાઓની શ્રેણિથી શોભિતું એક મોટું પ્રાસાદ જોયું. તેને જોઇ તેઓ અતિ આનંદ પામવા લાગ્યા. પછી તેઓ પોતાના હાથપગ એક વાવમાં સાફ કરી, તે પ્રાસાદમાં ગયા. બન્ને જણ તે પ્રાસાદને જોવા લાગ્યા. જોતાં જોતાં એક પુતળી અમરદત્તની દ્રષ્ટિએ પડી. તે પુતળીનું રૂપ તથા શણગાર દેવાંગના સરખાં હતાં. તેને જોઇને અમરદત્તનું ચિત્ત મદનાતુર થયું. એમ જોતાં જોતાં મધ્યાન કાળ થવા આવ્યો. ત્યારે અમરદત્તને મિત્રાનંદે કહ્યું કે, હે મિત્ર, ચાલો, હવે આપણે નગરમાંહે જઇએ. ત્યારે તેણે કહ્યું કે, હે મિત્ર, થોડીવાર હું આ પુતળી જોઇ લઉં ત્યાં સુધી બેસ? એમ કહેવાથી થોડીવાર થયા પછી પાછું મિત્રાનંદે કહ્યું કે, હે ભાઇ, હવે તો નગરમાં જઇ ભોજન કરીએ તો ઠીક. વળી પાછા આપણે અહીં આવીશું. ત્યારે તેણે કહ્યું કે, હે મિત્ર, જો હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સ્થાનકેથી ચાલું, તો હમણાજ મારૂં મૃત્યુ થાય. ત્યારે મિત્રાનંદે કહ્યું કે, તને આ પાષાણની બનાવેલી પુતળીમાં તે શું રાગ લાગી રહ્યો છે? જો તને સ્ત્રી-વિલાસની ઇચ્છા હોય, તો આ નગરમાં જઇ ભોજન આદિક કરી તારી ઇચ્છા પૂર્ણ કરજે. એવી રીતે તેણે તેને વારંવાર કહ્યું, તો પણ તે ત્યાંથી આગળ ચાલ્યો નહીં, તેથી મિત્રાનંદ ક્રોધયુક્ત થઇ ઘણુંજ રડવા લાગ્યો. તેને જોઇ અમરદત્ત પણ રડવા લાગ્યો. એટલામાં તે પ્રાસાદ બનાવનાર રત્નસાર નામે એક શેઠ ત્યાં આવ્યો; તથા તેમને રડતા જોઇ તેણે પૂછ્યું કે, હે ભાઇ, તમે શામાટે રૂદન કરો છો? ત્યારે મિત્રનંદે પોતાનું સમસ્ત ચરિત્ર તે રત્નસાર શેઠ આગળ નિવેદન કરીને મિત્રની વાત પણ કહી સંભળાવી. ત્યારે તે શેઠે અમરદત્તને ઘણો સમજાવ્યો, તો પણ તેણે તે પુતળીપરના રાગનો ત્યાગ કર્યો નહીં. ત્યારે શેઠ ખેદ પામી ચિંતવવા લાગ્યો કે, આ પાષાણની બનાવેલી પુતળી પણ જ્યારે માણસના ચિત્તને વિકાર ઉપજાવે છે, ત્યારે આ જગતમાં રહેલી પ્રમદાઓની તો વાતજ શું કરવી? કહ્યું છે કે,

**तावन्मौनीयतिर्ज्ञानी । सुतपस्वी जितेन्द्रियः ॥ यावन्नयोषितां दृष्टि । गोचरं याति पूरुषः ॥ १ ॥**

જ્યાંસુધિ માણસ સ્રીને દ્રષ્ટિગોચર નથી થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધો, ત્યાંસુધિજ તે, મૌનિ, યતિ, જ્ઞાની, તપસ્વી, તથા જિતેંદ્રિય છે. ॥ ૧ ॥

એવી રીતે તે શેઠ વિચાર કરે છે, એટલામાં મિત્રાનંદે તેને ફરીથી પૂછ્યું કે, હે તાત, હવે આ વખતે શું ઉપાય કરવો? ત્યારે શેઠ તેના ઉપાય વાસ્તે વિચારવા લાગ્યા. ત્યારે મિત્રાનંદે કહ્યું કે, જે સુતારે આ પુતળી બનાવી છે, તે સુતાર જો મળે, તો એની ઇચ્છા હું સંપૂર્ણ કરૂં. ત્યારે શેઠે કહ્યું કે, કુંકણ દેશમાં સોપારક નામના નગરમાં શૂર નામે સુતાર રહે છે, તેણે આ પુતળી બનાવી છે. પછી મિત્રાનંદે તે રત્નસાર શેઠને કહ્યું કે, જો આપ આ મારા મિત્રનું અહીં રક્ષણ કરો, તો હું તે સોપારક નગરમાં જઇ, તે સુતારને પૂછું કે, આ પુતળી તેં તારી મતિકલ્પનાથી બનાવી છે, અથવા કોઇ સ્ત્રીનું રૂપ જોઇ તેના અનુસારથી બનાવી છે? તે સમાચાર આવ્યાબાદ ઇચ્છિત કાર્ય થશે. મિત્રાનંદના આ વચનો સાંભળી શેઠે અમરદત્તનું રક્ષણ કરવાનું કાર્ય અંગીકાર કર્યું. પછી અમરદત્તે મિત્રાનંદને કહ્યું કે, હે મિત્ર, જો તું તુરત નહીં આવે, તો હું મારા આત્માનો ત્યાગ કરીશ. ત્યારે મિત્રાનંદે કહ્યું કે, જો હું બે માસની અંદર ન આવું તો તારે જાણવું કે, એ મારો મિત્ર નથી. એવી રીતે તેને સમજાવી, તથા શેઠની રજા લઇ, પોતે અખંડ પ્રયાણે અનુક્રમે સોપારક નગરમાં આવ્યો. ત્યાં પોતાની એક વીંટી વેંચી યોગ્ય વસ્ત્રો ખરીદ કર્યાં. તે વસ્ત્રો પેહેરી સુતારને ઘેર ગયો. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુતારે પણ તેને શ્રીમત જાણી ઘણો આદરસત્કાર દીધો. કહ્યું છે કે,

**यस्यार्थास्तस्यमित्राणि । यस्यार्थास्तस्य बान्धवाः ॥ यस्यार्थाः सपुमाल्लोँके । यस्यार्थाः स च पण्डितः ॥ १ ॥**

અર્થ-જેનીપાસે ધન છે, તેના સઘળા મિત્રો છે, તેના સઘળા બાંધવો છે, તથા તેજ આ દુનિઆમાં પુરૂષ છે, તથા તેજ પંડિત છે. ॥ ૧ ॥

પછી તે સુતારે તેને આસનપર બેસાડી, આવવાનું કારણ પૂછ્યું, ત્યારે મિત્રાનંદે કહ્યું કે, હે ભદ્ર, મારે તારા પાસે એક દેવપ્રાસાદ બંધાવવું છે. પણ ખાતરી વાસ્તે તમારા કામનો કોઇ નમુનો જોવો છે. ત્યારે સુતારે કહ્યું કે, પાટલીપુત્ર નગરના બહારના ઉદ્યાનમાં જે પ્રાસાદ બંધાવેલું છે, તે મેં બનાવ્યું છે; તમેં તે પ્રાસાદ દીઠું છે કે નહીં? ત્યારે મિત્રાનંદે કહ્યું કે, તે મેં જોએલું છે, પણ તેમાં જે પુતળી છે તે તમે તમારી મતિકલ્પનાથી કરી છે? અથવા કોઇનું રૂપ જોઇ, તેના સાદ્રશ્ય કરી છે? ત્યારે સુતારે કહ્યું કે, અવંતી નગરીના મહાસેન રાજાની પુત્રી રત્નમંજરીની તે છબી છે. આ વાત સાંભળી તેણે સુતારને કહ્યું કે હવે, સારો દિવસ પૂછી પ્રાસાદ બાંધવા વાસ્તે તમારી સાથે ઠરાવ કરશું. એમ કહી ત્યાંથી બજારમાં જઇ, તે વસ્ત્રો વેંચી, સંબલ આદિકની તૈયારી કરી, ત્યાંથી તે ચાલવા લ.ગ્યો. ચાલતાં ચાલતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દિવસે સંધ્યાકાળે અવંતી નગરીમાં આવ્યો. ત્યાં દરવાજા પાસે એક દેવના મંદિરમાં જઇ બેઠો. ત્યાં નગરીમાં તેણે એક એવી [1]પટહોદઘોષણા સાંભળી કે, "જે કોઇ માણસ આ શબનું રાત્રિના ચાર પોહોર સુધિ રક્ષણ કરે, તેને ઇશ્વર નામનો વ્યાપારી એક હજાર સોનામોહોરો આપે". આ વાત સાંભળી મિત્રાનંદે દ્વારપાળને પૂછ્યું કે, આ શેઠ, એક રાત સુધિ શબને રક્ષણ કરવા વાસ્તે હજાર સોનામોહોર શા વાસ્તે આપે છે? ત્યારે દ્વારપાળે કહ્યું કે, હે ભદ્ર, હાલ આ નગરમાં [2]મારીનો ઘણો ઉપદ્રવછે. હવે આ શેઠના ઘરમાં કોઇ માણસ તે મારીના ઉપદ્રવથી મૃત્યુ પામેલું છે. હવે તે મૃત્યુ પામેલા માણસને રાત્રીએ કોઇ રાખી શકતું નથી. તેથી તે શેઠ આ કામવાસ્તે ઘણું ધન આપેછે. આ વાત સાંભળી મિત્રાનંદ વિચારવા લાગ્યો કે, જો ધન હશે, તો ઇચ્છિત કાર્ય થશે; એમ વિચારિ, હીમત રાખી, તેણે તે શબના રક્ષણ કરવાનું કાર્ય કબુલ કર્યું. પછી ઇશ્વર વ્યાપારીએ તેને અરધું ધન આપી શબનું રક્ષણ કરવા બેસાડયો, તથા અરધું ધન પ્રભાતે આપવાનું કહ્યું. પછી મિત્રાનંદ ધૈર્ય ધારી તે શબનું રક્ષણ કરવા લાગ્યો. રાત્રીએ શાકિની, પિશાચ વિગેરે ઉપદ્રવ કરવા લાગ્યા, પણ તેણે ધૈર્ય રાખી તે સઘળાઓને નશાડયા. પછી પ્રભાતે તે શબને લઇ, તેના સગાવાહાલાઓએ તેનો સંસ્કાર કર્યો. પછી મિત્રાનંદે પોતાનું બાકી રહેલું ધન માગ્યું. પણ તે શેઠ તે ધન ન આપ્યું. ત્યારે

---

૧ ઢંઢેરો. ૨ Cholera.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્રાનંદને ક્રોધ ચડયો. પછી તેણે સો સોનામોહોરો ખરચી ઉત્તમ વસ્ત્રો ખરીદ કર્યાં. તે પેહેરીને એક વસંતતિલકા નામની વેશ્યાને ઘેર ગયો. તેને ધનવંત જોઇ વેશ્યા તેનો ઘણોજ આદર સત્કાર કરવા લાગી પછી મિત્રાનંદે પણ તે વેશ્યાને બાકીની ચારસો સોનામોહોરો આપી. તેથી વેશ્યા ઘણોજ હર્ષ પામીને પોતાની પુત્રીને કહેવા લાગી કે, હે પુત્રી, તારે આ પુરૂષનેજ સેવવો. આ પુરૂષ તારા ભાગ્યના ઉદયથીજ તને મળ્યો છે. એના સરખો કોઇ પણ પુરૂષ આ દુનિઆમાં ઉદાર નથી. પોતાની પુત્રીને એવી રીતે સમજાવી વેશ્યા બીજા ભુવનમાં ગઇ. પછી તે વેશ્યાની પુત્રીએ પંડે મિત્રાનંદને સ્નાન કરાવ્યું. પછી સાયંકાળે મનોહર પુષ્પોની શય્યા પાથરી. તથા પોતે શોળ શણગાર સજી, દેવાંગના સરખી થઇ, વિષયની ઇચ્છાથી તેની પાસે આવી મધુર વચનો બોલવા લાગી. ત્યારે મિત્રાનંદ પોતાના હૃદયમાં ચિંતવવા લાગ્યો કે, આ વખતે મારે વિષય સુખમાં મગ્ન ન થવું જોઇએ. કહ્યું છે કે,

**स्त्रीविलासेषुमग्नानां । जनानामिह भूतले । नैव कार्याणि सिद्धयन्ति । वदन्तीति पण्डिताः ॥ १ ॥**

અર્થ—સ્ત્રીઓના વિલાસમાં મગ્ન થયેલા માણસોના કાર્યો કદી સિદ્ધ થતાં નથી, એમ પંડિત લોકો કહે છે. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ વિચારી તેણે તે વેશ્યાની પુત્રીને કહ્યું કે, હે ભદ્રે, મારે કાંઇક ધ્યાન ધરવું છે, માટે એક પાટલો લાવી આપ? એમ કહેવાથી તેણે એક સુવર્ણનો પાટલો એક ક્ષણવારમાં લાવી આપ્યો. તે ઉપર બેશી, પદ્માસન વારી, તથા વસ્ત્રથી શરીર ઢાંકી મૌન કરી એક ધુતારા યોગીની પેઠે ધ્યાન ધરી બેઠો. એમ ધ્યાનમાં ને ધ્યાનમાં પેહેલો પોહોર તો વ્યતિત થયો. ત્યારે તે વેશ્યાની પુત્રીએ વિલાસને વાસ્તે તેની પાસે પ્રાર્થના કરી, પણ મિત્રાનંદે કંઇ ઉત્તર આપ્યો નહીં. પછી એવા રીતે સઘળી રાત્રી નિર્ગમન થઇ. પ્રભાત થયો ત્યારે મિત્રાનંદ ત્યાંથી ઉઠી દેહચિંતા અર્થે ગયો. ત્યારે તે પુત્રીએ વેશ્યા પાસે રાત્રીનો સમસ્ત વૃતાંત કહી બતાવ્યો, ત્યારે તે કહેવા લાગી કે, હે પુત્રી, એ પોતાની મરજી પ્રમાણે ગમે તેમ કરે, તોપણ તારે તેને ભક્તિપૂર્વક સેવવો. પછી પુત્રીએ તે વાત અંગીકાર કરી. બીજા દિવસની રાત્રિએ પણ મિત્રાનંદ તો ધૂર્તવિદ્યા કરી ધ્યાન ધરી બેઠો. પછી પ્રભાતે તે વાતની વેશ્યાને ખબર પડવાથી તે જરા ક્રોધયુક્ત થઇ મિત્રાનંદને કહેવા લાગી કે, આ મારી પુત્રી રાજપુત્રોને પણ દુર્લભ છે, તો તું તેણીને શા માટે દુઃખ ઉપજાવે છે? ત્યારે મિત્રાનંદે મધુર વચનોથી કહ્યું કે, સમય આવ્યે સઘળું સારૂં થઇ રહેશે; પણ એક વાત હું તને પૂછું છું, તેનો ઉત્તર તું મને દે? પછી મિત્રાનંદે કહ્યું કે, તારૂં રાજ દરબારમાં આવવું જવું થાય છે કે નહીં? ત્યારે વેશ્યા બોલી કે, આ મારી પુત્રી રાજાને ચમર ઢાળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેથી હું પણ રાત દહાડો રાજ દરબારમાં જઉં છું. વેશ્યાના આ વચનો સાંભળીને મિત્રાનંદ કહેવા લાગ્યો કે, ત્યારે તું રાજાની પુત્રી રત્નમંજરીને ઓળખે છે? ત્યારે વેશ્યા બોલી કે, તે તો મારી પુત્રીની સખી છે. વેશ્યાના આ વચનો શ્રવણ ગોચર થયાથી મિત્રાનંદે હર્ષયુક્ત થઇ તેણીને કહ્યું કે, તારે તે રાજપુત્રી પાસે જઇ, એમ કહેવું કે "જે અમરદત્તના ગુણો સાંભળી તેનાપર મોહિત થઇ, તેં કાગળ લખ્યો હતો, તે અમરદત્તનો મિત્ર અહીં આવ્યો છે." ત્યારે વેશ્યાએ આ વાક્ય અંગીકાર કર્યું, તથા તેજ વખતે, તે રાજદરબારમાં જઇને રત્નમંજરી પાસે ગઇ. રત્નમંજરીએ પણ વેશ્યાને આવતી જોઇ, તેણીને ઘણો આદરસત્કાર આપ્યો, તથા એક ઉત્તમ આસનપર બેસાડી આવવા સંબંધિ કારણ પૂછ્યું. ત્યારે વેશ્યા કહેવા લાગી કે, આજે તો, હું તારા પ્રાણવલ્લભ સંબંધિ કંઇક વાત કરવા આવેલી છું. આ વચન શ્રવણ થવાથી, રાજપુત્રી આશ્ચર્ય પામી હૃદયમાં વિચારવા લાગી કે, મારા પતિને મેં તો હજુ જાણ્યો નથી. એમ વિચાર કરે છે, એટલામાં તે વેશ્યાએ મિત્રાનંદે કહેલો સઘળો વૃત્તાંત તેણિને કહી સંભળાવ્યો. ત્યારે રાજકુમારી ઘણાજ આશ્ચર્ય સહિત મનમાં વિચારવા લાગી કે, હજુ સુધિ મારા પિતાએ મારૂં કોઇપણ સાથે સગપણ કર્યું નથી, તેમ મેં કોઇને કાગળ લખી મોકલ્યો નથી, વળી અમરદત્તનું નામ પણ મેં સાંભળ્યું નથી; માટે આ ઉપરથી એમ અનુમાન કરી શકાય છે કે, આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય કોઇ ધૂર્ત માણસનું છે, પણ જેણે આવી રીતની જાડી રચના કરેલી છે, તે કોઇક હુશિયાર માણસ હોવો જોઇએ; માટે મારે એક વખત તો તેને દૃષ્ટિથી જોવો. એવી રીતે મનમાં નિશ્ચય કરી, તેણીએ વેશ્યાને નમ્ર વચનોથી કહ્યું કે, જે માણસ મારા પ્રાણવલ્લભનો સમાચાર લઇ, અહીં આવેલ છે, તે માણસને તારે આજે આ ઝરૂખાને માર્ગેથી મેહેલમાં લાવવો. એવી રીતના રત્નમંજરીના વચનો સાંભળવાથી વેશ્યા હર્ષયુક્ત થઇ, ઘેર આવીને રાજપુત્રીએ કથન કરેલો સમસ્ત વૃતાંત મિત્રાનંદને કહી સંભળાવ્યો. ત્યારે મિત્રાનંદ પણ અતિ આનંદ પામ્યો. પછી રાત્રિએ તે વેશ્યા, મિત્રાનંદને સાથે લઇ રાજદરબારમાં ગઈ. ત્યાં જઇ તેણિએ મિત્રાનંદને હસ્તસંજ્ઞાથી બતાવીને કહ્યું કે, આ રાજમેહેલ છે, તેમાં પણ આ, તે કુમારીકાનો મેહેલ છે. પણ તે મેહેલમાં જવાને આડા સાત કીલ્લા છે તે ઉલ્લંઘી જવાની જો તારી શકિત હોય, તો તુ જા? ત્યારે મિત્રાનંદ વિચાર કરવા લાગ્યો કે, આ કાર્ય મુશ્કેલ તો છે. પરંતુ ઉદ્યમ કર્યાથી થશે. કારણ કે, કહ્યું છે કે,

**उद्योगिनंकरालम्बं । करोतिकमलालया**
**अनुद्योगिकरालम्बं।करोति कमलाग्रजा**

અર્થ—ઉદ્યોગી માણસને લક્ષ્મી આલંબન આપે છે, તથા નિરૂદ્યમી માણસને દરિદ્રતા આલંબન આપે છે. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ વિચારી ધૈર્ય રાખી, વાંદરાની માફક ફાળ મારી સાતે કિલ્લા ઉલ્લંઘી ગએલો તેને જોઇ, વેશ્યા હૃદયમાં વિચારવા લાગી કે, ખરેખર આ કોઇ વીર પુરૂષ છે, તથા ઘણોજ પરાક્રમી છે. એમ વિચારી વેશ્યા પોતા ને ઘેર ગઇ. હવે મિત્રાનંદ જ્યારે તે રાજકુમારીના મહેલમાં ગયો, ત્યારે રાજપુત્રી, તેનું પરાક્રમ જોવા વાસ્તે, કપટથી નિદ્રાવશ થઇ. મિત્રાનંદે પણ તેણીને નિદ્રાવશ થએલી જોઇ, તેણીના હાથમાં રહેલું, રાજાના નામવાળું કડું ઉતારી લીધું, તથા તેણીના જમણા પગની જંઘામાં છરીથી એક ચિન્હ કર્યું. તથા પાછો એકાએક રાજમેહેલમાંથી નીકળી જઇ એક દેવમંદિરમાં જઇ સૂઇ રહ્યો. પછી રાજકુમારી પોતાના મનમાં વિચારવા લાગી કે, ખરેખર આ કોઇ હુશિયાર માણસ છે, પણ મેં તો ઘણીજ મૂર્ખાઇ કરી, કે એવા માણસસાથે મેં મારા મુખથી જરા પણ ભાષણ કર્યું નહીં. એ વિચારમાં ને વિચારમાં રાત્રિ નિર્ગમન થવા આવી. તથા થોડી શેષ રાત્રી રહ્યા પછી તે નિદ્રાવશ થઇ. હવે તે મિત્રાનંદ પ્રાતઃકાળે ઉઠી, રાજદરબારમાં ગયો. ત્યાં રાજદ્વાર પાસે ઉભો રહી, "અન્યાય અન્યાય" એમ મોટે સ્વરે પોકારવા લાગ્યો. ત્યારે રાજાએ પોતાનો છડીદાર મૂકી, તેને સભામાં બોલાવ્યો. પછી મિત્રાનંદ સભમાં આવી, રાજાને નમસ્કાર કરી, વિનંતિ કરી, કે હે સ્વામિ, આ નગરમાં આપ ન્યાયથી રાજ્ય ચલાવો છો, તો પણ, ઇશ્વર નામના વ્યાપારીએ મને પરદેશીને છેતર્યો છે. ત્યારે રાજાએ કહ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે, શી રીતે તને છેતર્યો છે? ત્યારે મિત્રાનંદ કહેવા લાગ્યો કે, તે શેઠે શબના રક્ષણ વાસ્તે મને હજાર સોનામોહોર આપવાનો ઠરાવ કર્યો હતો. તેમાંથી પાંચસો મને પેહેલાં આપી, અને બાકીની પાંચસો પ્રભાતે આપવાનું તેણે મને કહ્યું; પણ હવે તે આપતો નથી. મિત્રાનંદના આ વચનોથી રાજાએ ક્રોધ યુક્ત થઇ, પોતાના માણસોને તે દુષ્ટ વ્યાપારીને બાંધી, ત્યાં લાવવાનો હુકમ કર્યો. એટલામાં, "મિત્રાનંદ રાજાપાસે ફરીઆદ કરવા ગયો છે," એ વાત તે શેઠને કાને પડવાથી પડે પાંચસો સોનામોહોરો લઇ, રાજસભામાં આવ્યો; તથા તે સોનામોહોરો મિત્રાનંદને ગણી આપી, તથા રાજાને કહેવા લાગ્યો કે, હે સ્વામિ, તે વખતે હું શોકાતુર થઇ, શબની મૃત્યુ સંસ્કાર આદિક ક્રિયામાં વ્યગ્ર થયો હતો, તથા પછી ત્રણ દિવસો તો લોકાચારમાં ગયા. એમ કહી રાજાને શાંત પાડી તે શેઠ પોતાના ઘર તરફ ગયો. પછી રાજાએ મિત્રાનંદને પૂછ્યું કે, તેં તે શબનું શી રીતે રક્ષણ કર્યું? ત્યારે મિત્રાનંદે કહ્યું કે, હે રાજા, જો તે વાત સાંભળવાની તમારે ઇચ્છા હોય તો બરોબર ચિત્ત દઇ શ્રવણ કરજો. મેં ધનના લોભથી તે શબનું રક્ષણ કરવાનું કાર્ય માથે લીધું. પછી રાત્રીએ મારા હાથમાં એક છરી લઇ હું તે શબનું રક્ષણ કરવા જાગતો બેઠો, એટલામાં ત્યાં રાક્ષસ વિગેરે ભયાનક રૂપ કરી મારી પાસે આવ્યા, પણ મારા તેજથી તે સઘળા દૂર ગયા. પછી છેવટે મનોહર વસ્ત્રો તથા આભૂષણો પેહેરીને, તથા કેશ છુટા મૂકીને, દેવાંગના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખા રૂપવાળી, તથા વિકરાળ મુખવાળી એક કોઇ સ્ત્રી, હાથમાં કાતર લઇને મારી સમીપે આવી. તથા મને કહેવા લાગી કે, અરે દુષ્ટ! હમણા હું તારો નાશ કરૂં છું. ત્યારે મેં તેણીને જોઇ વિચાર્યું કે, ખરેખર જે [1]મારી કહેવાય છે, તે આ જ છે. પછી તે મારી સમીપ આવી, ત્યારે મેં મારા ડાબા હાથથી તેણીને પકડી, તથા જમણે હાથે છરી ઉપાડી, એવામાં તે મારો હાથ છટકાવી નાશવા લાગી. ત્યારે મેં તેણીને જમણા સાથળમાં છરી મારી, તથા નાશતાં નાશતાં તેણીના હાથમાં રહેલું કડું મારા હાથમાં રહી ગયું. એટલામાં સૂર્યોદય થયો. રાજા આવાં આશ્ચર્ય કારક વચનો સાંભળી મિત્રાનંદને કહેવા લાગ્યો કે, હે વીર પુરૂષ! જે તેં તે "મારીના" હાથમાંથી કડું લીધું છે, તે મને બતાવ? ત્યારે મિત્રાનંદે તે કડું પોતાના ગજવામાંથી કહાડી રાજાને બતાવ્યું. તે કડામાં પોતાનું નામ જોઈ, રાજા મનમાં વિચારવા લાગ્યો કે, અરે! શું આ મારી પુત્રીજ "મારી" છે. કારણ કે આ કડું તો તેણીનાજ હાથનું છે. એમ વિચારી દેહચિંતાનો મિશ કરી, રાજા ત્યાંથી નિકળી પુત્રીના મેહેલમાં ગયો. ત્યાં પુત્રીને નિદ્રાવશ થયેલી જોઇને, તથા ડાબો હાથ કડા વિનાનો જોઇને, અને જમણા સાથળમાં છેદને ઠેકાણે પાટો બાંધેલો જોઇને રાજા તો અત્યંત ખેદ પામવા લાગ્યો, અને વિચારવા લાગ્યો કે, હાય! હાય! આ દુષ્ટ

1 Cholera in the form of a women.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કન્યાએ મારા નિર્મળ વંશને કલંકિત કર્યો. હવે જેમ જલદિ તેણીનો નાશ થાય, એવો ઉપાય શોધવો, નહીંતો તે દુષ્ટ કુમારિકા નગરીના સઘળા લોકોનો નાશ કરશે. એમ વિચારી રાજા પાછો મિત્રાનંદ પાસે આવી તેને પૂછવા લાગ્યો કે, હે ભદ્ર, તે શબનું તેં તારી હીમતથી રક્ષણ કર્યું કે, મંત્રશક્તિથી રક્ષણ કર્યું? ત્યારે મિત્રાનંદે કહ્યું કે, મારી પાસે મંત્ર પણ છે. મિત્રાનંદનું આ વાક્ય સાંભળી રાજાએ તેને એકાંતે લઇ જઇ કહ્યું કે, હે ભદ્ર, મારી પુત્રીજ તે "મારી" છે; એમાં કાંઇ પણ સંદેહ નથી. માટે હવે તારી મંત્રશક્તિથી જેમ બને તેમ જલદિ તેણીનો નાશ કર! ત્યારે મિત્રાનંદ કહેવા લાગ્યો કે, હે રાજા, આ વાત માન્ય થતી નથી. કારણ કે તારા કુળમાં ઉત્પન્ન થએલી કુમારિકા તે "મારી" કેમ થઈ શકે? ત્યારે રાજા બોલ્યો કે, અરે ભદ્ર, એમાં કાંઇ પણ સંદેહ નથી. કારણ કે "વર્ષાદમાંથી ઉત્પન્ન થએલી વિજળી પણ શું પ્રાણનો નાશ ન કરે? પણ કરેજ." ત્યારે ફરીને મિત્રાનંદ કહેવા લાગ્યો કે, હે રાજા ત્યારે મને એ કુમારિકા દેખાડો! પછી રાજાએ તેને કુમારિકાનો મેહેલ બતાવ્યો. ત્યારે મિત્રાનંદ પણ રાજાના હુકમથી ત્યાં ગયો. તે વખતે કુમારીકા પણ નીદ્રમાંથી જાગૃત થઇ હતી તથા મિત્રાનંદને જોઇ, વિચારવા લાગી કે, ખરેખર આ તેજ પુરૂષ છે, કે જેણે મારૂં કડું હરી લઇ મારા જમણા સાથળમાં છરી મારી હતી. પણ આમ નિઃશંકપણાથી આવેછે, માટે ખરેખર રાજાએ તેને અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવવાનો હુકમ આપ્યો હશે. એમ વિચારિ, તેણીએ મિત્રાનંદને એક ઉત્તમ આસન બેસવા આપ્યું તથા તેનો ઘણોજ આદરસત્કાર કર્યો. પછી મિત્રાનંદ નમ્ર વચનોથી તેણીને કહેવા લાગ્યો કે, હે ભદ્ર, મેં તારાપર "મારીનું" મોટું કલંક દિધેલું છે. અને આજે તારો પિતા મને તને સોંપશે. માટે જો તારી મરજી હોય તો, તને મારે સ્થાનકે લઇ જઉં, અને જો તારી મરજી નહોય, તો તને આ કલંકથકી નિર્મુકત કરૂં. ત્યારે તે કન્યા તેના ગુણથી ખુશી થઇ મનમાં વિચારવા લાગી કે, અહો! આ પુરૂષ મારાપર કેવો અપૂર્વ પ્રેમ રાખે છે! માટે મારે હવે દુઃખને પણ અંગીકાર કરી, ગમે તેમ થાઓ, તોપણ આ પુરૂષનેજ સેવવો. વળી જો કે, તેની પાસે ધન નથી, તોપણ તેના હૃદયમાં અનેક સદગુણોએ આવી નિવાસ કરેલો છે, માટે તે ઉત્તમ માણસનો મારે સંગ કરવો તેજ ઉત્તમ છે. કારણ કે, ઉત્તમ માણસની સોબત કરવાથી માણસો પોતાનું ઇચ્છિત કાર્ય સાધી શકે છે, કહ્યું છે કે,

असज्जनः सज्जनसङ्गिसङ्गात् ।
करोति दुःसाध्यमपीह साध्यम् ॥
पुष्पाश्रयाच्छम्भुशिरोऽधिरूढा ।
पिपीलिका चुम्बति चन्द्रबिम्बम्[1] ॥१॥

અર્થ — સજ્જન માણસના સંગથી અસજ્જન

---

[1] महादेवस्य शिरसि शशाङ्को विद्यत इति तु प्रसिद्धम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ પણ, ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત થઇ શકે, એવી વસ્તુને પણ, મેળવી શકે છે; જુઓ કે પુષ્પોના આશ્રયથી મહાદેવના મસ્તકપર ચડેલી કીડીઓ ચંદ્રના બિંબનું પણ ચુંબન કરે છે. ॥ ૧ ॥

जाड्यंधियोहराति सिञ्चति वाचिसत्यं ।
मानोन्नतिं दिशाति पाप मपाकरोति ॥
चेतःप्रसादयति दिक्षु तनोति कीर्तिं ।
सत्सङ्गतिःकथयाकिं नकरोतिपुंसाम् ॥२॥

અર્થ—ઉત્તમ માણસોની સોબત બુદ્ધિના મંદપણાનો નાશ કરે છે, વાણીમાં સત્યતા સ્થાપન કરે છે, માનની ઉન્નતિ કરે છે, પાપોનો નાશ કરે છે, મનને પ્રસન્ન કરે છે, તથા સઘળી દિશાઓમાં કીર્તિનો ફેલાવો કરે છે, માટે કહો કે, ઉત્તમ માણસની સોબત શું શું કાર્ય નથી કરતી? (પણ સર્વ કાર્ય કરી શકે છે.) ॥ ૨ ॥

એમ વિચારીને તેણીએ મિત્રાનંદને કહ્યું કે, હે સુભગ, મારા પ્રાણ પણ તારેજ આધિન છે; હું તારા સાથે આવવાને ઘણીજ ખુશીછું. કહ્યું છે કે,

अंधोनारिंदंवित्तं।वखाणंपाणियंमहिला॥
यत्तत्तोगच्छन्तिफुडं।जत्तोधुत्तेहिंनिज्जंति

અર્થ-આંધળો માણસ, પૈસો, પ્રખ્યાતિ, પાણી તથા સ્ત્રી, એટલી વસ્તુઓને ધુર્ત માણસો જ્યાં લઇ જાય, ત્યાં જાય છે. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારીનાં આવાં વચનો સાંભળી, પોતાનું કાર્ય સિદ્ધ થયું જાણી મિત્રાનંદ કહેવા લાગ્યો કે, હે ભદ્રે જ્યારે હું તારાપર સર્શવના દાણા નાખું ત્યારે તારે મુખથી ફુત્કાર શબ્દો કરવા માંડવા. તે વાત કુમારીકાએ કબુલ કરી. પછી મિત્રાનંદ રાજાપાસે આ-વી કહેવા લાગ્યો કે, હે રાજા તેજ તારી પુત્રી ખરેખર "મારી"છે. પણ હવે તમેં મને એક ઉતાવળથી ચાલનારૂં કાંઇ વાહન આપો, જેથી તે વાહનપર તેણીને ચડા-વી રાત્રિમાં ને રાત્રિમાંજ તમારા દેશની બહાર છોડી આવું, અને પછી જ્યાં સૂર્યોદય થશે ત્યાંજ તે "મારી-ને" છોડી આવીશ. ત્યારે રાજાએ બીકથી, પોતાની વાયુવેગા ઘોડી તેને આપી. પછી સંધ્યાકાળે રાજાના હુકમથી ચાકરોએ તે રાજકુમારીકાને મિત્રાનંદને સોંપી. ત્યારે મિત્રાનંદ પણ રાજા આદિકની દૃષ્ટિએ, તેણીનાપર સર્શવના દાણા છાંટયા ત્યારે તે કુમારીકા મુખથી ફુત્કાર શબ્દ કરવા લાગી. તે જોઇ રાજા આદિક માણસો અત્યંત ભય પામવા લાગ્યા. પછી મિત્રાનંદે જૂઠા મંત્રો ભણી તેણીને શાંત કરી. પછી તેણીને ઘોડીપર ચડાવી મિત્રાનંદ ચાલવા લાગ્યો. ત્યારે રાજા પણ પોતાના નગરમાંથી "મારી" દૂર જ-વાથી હર્ષ પામવા લાગ્યો. પછી માર્ગમાં ચાલતાં થોડે દૂર જઇ, કુમારીકા મિત્રાનંદને કહેવા લાગી કે, તમે પણ હવે આ ઘોડીપર ચડી બેસો. કારણ કે છતી ઘોડીએ પગે કોણ ચાલે? કુમારીના આવાં વચનો સાંભળી, મિત્રાનંદે કહ્યું કે, જ્યાંસુધી આપણે આ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરની સીમા ઉલ્લંઘી જઇએ, ત્યાંસુધી હું ચાલ્યો આવીશ. પછી સીમા ઉલ્લંઘી ગયા બાદ પાછું કુમારીકાએ મિત્રાનંદને ઘોડીપર ચડી બેસવાનું કહ્યું. ત્યારે મિત્રાનંદ કહેવા લાગ્યોકે, હે ભાદ્રે હું તે ઘોડીપર ચડી તારી સાથે બેસીશ નહીં. ત્યારે કુમારીકાએ સંભ્રમ થઇ તેનું કારણ પૂછ્યું. ત્યારે મિત્રાનંદ કહેવા લાગ્યો કે, હે સુંદરી, હું તને મારે વાસ્તે નથી લાવ્યો, પણ, મારા મિત્ર અમરદત્તને વાસ્તે લાવ્યો છું. પછી તેણે અમરદત્તનો સઘળો વૃતાંત તેણીને કહી બતાવ્યો, અને કહ્યું કે, હેભદ્રે, તેજ કારણથી તારી સાથે એક આસનપર સુવુ બેસવું, તે યુક્ત નથી. આ વચનો સાંભળી, તે રાજપુત્રી વીસ્મય પામી, વિચારવા લાગી કે, અહો! આ પુરૂષનું ચરિત્ર તો કોઇ લોકોત્તરજ લાગે છે. કારણ કે એક સ્ત્રીને વાસ્તે માણસ, પોતાના માબાપ, ભાઇ, મિત્ર વિગેરે સમસ્ત માણસોને ઠગે છે, પણ આ પુરૂષનું ચિત્ત તો મને આ એકાકી જોઇને પણ, વિકાર માર્ગને જરા પણ પ્રાપ્ત થયું નહીં, માટે આ પુરૂષને ધન્ય છે. ખરેખર આવા ઉત્તમ પુરૂષો તો આ વસુધા તળ ઉપર વિરલાજ મળે છે. કારણ કે કહ્યું છે કે,

दृश्यन्ते भुवि भूरिनिम्बतरवः कुत्रापिते चन्दनाः । पाषाणैःपरिपूरिता वसुमती वज्रो मणिर्दुर्लभः ॥ श्रूयन्ते करटारवाश्च

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सततं चैत्रे कुहुकूजितं । तन्मन्ये खलु सङ्कुलं जगदिदं द्वित्राःक्षितौ सज्जनाः

અર્થ— આ પૃથ્વીમાં લીંબડાનાં વૃક્ષો તો ઘણા દૃષ્ટિએ પડે છે, પણ ચંદનના વૃક્ષો તો, કોઇ જગોએજ જોવામાં આવે છે; વળી આ પૃથ્વી પત્થરોથી ભરપૂર છે, પણ હીરા તો કોઇકજ જગોએ જોવામાં આવે છે; વળી કાગડાના શબ્દો તો હમેશાં સંભળાય છે, પણ કોયલની વાણી તો ઘણું કરીને ચૈત્ર માસમાંજ સંભળાય છે; માટે હું એમ માનું છું કે, સમસ્ત જગત દુર્જનોથીજ વ્યાપ્ત થએલું છે, પણ તેમાં સજ્જનો તો વિરલાજ દૃષ્ટિએ પડે છે.

એવી રીતે રત્નમંજરી તો મનમાં વિચારજ કર્યા કરે છે. પછી તેઓ બન્ને અનુક્રમે પાટલીપુત્ર નગરે આવી પહોંચ્યા. હવે ત્યાં અમરદત્ત મિત્રને ગયે બે માસ સંપૂર્ણ થયા છતાં પણ તેના ન આવવાથી ખેદ પામી રત્નસાર શેઠને કહેવા લાગ્યો કે, હે તાત, હજુ મારો મિત્ર તો ન આવ્યો. માટે હવે મને એક કાષ્ટની ચિત્તા કરાવી આપો, કે, જેમાં બળી, મારા આત્માનો હું ત્યાગ કરૂં. અમરદત્તનું આ વચન સાંભળી શેઠ ઘણુંજ દુઃખ પામવા લાગ્યો. પણ અમરદત્તના ઘણા આગ્રહથી તેણે ચિત્તા ખડકી અપાવી. પછી અમરદત્તે તેમાં બળી મરવાનો વિચાર કર્યો, ત્યારે નગરના લોકો તેને કહેવા લાગ્યા કે, હે ભદ્ર, આજનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દહાડો તું તારા મિત્રની રાહ જો, પછી કાલે તને જે ઉચિત લાગે તે તું કરજે એવી રીતના લોકોનાં વારંવાર વચનો સાંભળી અમરદત્તે તે વાત કબુલ કરી. એવી રીતે સઘળા માણસો વાતો કરે છે, એવામાં મિત્રાનંદ રત્નમંજરીને સાથે લઇ ત્યાં આવી પહોંચ્યો. તેને આવતો જોઇ માણસો ઘણુંજ ખુશી થઇ હર્ષનો પોકાર કરવા લાગ્યા. અમરદત્ત પણ મિત્રાનંદને જોઇ અતિ આનંદથી તેને ભેટી પડયો. તે બન્ને મિત્રો મળ્યા. તથા હર્ષના અશ્રુ વહેવા લાગ્યાં; તે જાણે કે ત્યાં બળતી ચિત્તાને ઠારવા વાસ્તેજ વહેતાં હોય નહીં તેમ દેખાવા લાગ્યાં. પાસે ઉભેલા માણસોના નેત્રમાંથી પણ અશ્રુ પડવા લાગ્યાં; તે જાણે કે તેઓના હૃદયમાં હર્ષનો સમૂહ નહીં માવાથી ઉભરાઇ બહાર નિકળી જતો હોય નહીં જેમ, તેમ જણાવા લાગ્યું. તે વખતે પક્ષિઓ કલકલારવ કરી રહ્યાં હતાં; તે જાણે કે, તે બન્નેને થયેલા હર્ષનું ગાયન કરતા હોય નહીં; તેમ સંભળાવા લાગ્યું. સૂર્ય પણ પશ્ચિમ દિશા તરફ જવા લાગ્યો, તે જાણે કે, આ બન્ને મિત્રોનો સંગમ જોઇ પોતાના મિત્ર અસ્તાચળ પર્વતને મળવા જતો હોય નહીં જેમ, તેમ ઉતાવળથી જવા લાગ્યો. પછી ત્યાંજ તે બન્નેનો પંચ લોકપાલની સાક્ષીએ, અગ્નિની સમક્ષ વિવાહ કર્યો. સઘળા નગરના લોકો પણ ઘણોજ આનંદ પામ્યા. કેટલાક લોકો રત્નમંજરીનું રૂપ જોઇ ઘણાજ વિસ્મય પામ્યા. કારણ કે, તેણીના પગના નખ તો જાણે કે, પરવાળાની પણ હાંસી કરતા હોય નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા દેખાતા હતા. પગમાં રહેલાં ઝાંઝરો, આપ ણે આવી સુંદર સ્ત્રીના ચરણમાં પડેલા છીએ, એવું માની હર્ષથી જાણે ગાયન કરતા હોય નહીં એવી રીતના ઝંકાર શબ્દો કરી રહ્યાં હતાં. જંઘા તો જાણે અરિસા સરખી લાગતી હતી. સાથળ કેળના સ્થંભનો પણ હાંસી કરતા હતા. કટીનો લંક કેસરીસિંહની કટી સરખો હતો. બે સ્તનો કામદેવને રહેવાના કિલ્લા સરખા હતા. કંઠનો ભાગ શંખ સરખો હતો. મુખ ચંદ્ર સરખું હતું. હોઠ બિંબિફળ સરખા હતા. દાંત દાડમની કળી સરખા હતા. નયન કમળ સરખાં હતાં. કપાળ અર્ધચંદ્રાકાર સરખું હતું. હસ્તના સરખી ચાલથી ચાલતી હતી. આવી રીતે રત્નમંજરીનું અદ્‌ભુત રૂપ જોઇ, લોકો માંહોમાંહે કહેવા લાગ્યા કે, આ અમરદત્તને તેણીની છબી ઉપર જે મોહ થયો, તે કંઇ આશ્ચર્ય કારક વાત નથી. હવે તેટલામાં તે અમરદત્તના ભાગ્યના પ્રબળથી જે થયું, તે હે શ્રોતા જનો તમે એક ચિત્ત થઇ સાંભળજો. તે વખતે તે નગરનો રાજા પુત્ર વિનાનો મરણ પામ્યો હતો. ત્યારે રાજાના માણસોએ રાત્રીને વખતે પાંચ દિવ્ય[1] શણગાર્યાં હતાં. તે દિવ્યો આખા નગરમાં ભમી ભમી, સવારમાં

---

૧ આગળના વખતમાં જ્યારે કોઇ રાજા પુત્રવિના મૃત્યુ પામતો, ત્યારે ઘોડો, હાથી, છત્ર, ચમર, તથા કળશ એ પાંચે દિવ્ય વસ્તુઓ શણગારવામાં આવતી. પછી તે પાંચે વસ્તુઓ જેની પાસે જઇ સેવા કરે, તેને રાજ્ય પર બેસાડતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં અમરદત્ત હતો, ત્યાં આવી પહોંચ્યાં તે વખતે પ્રથમ તો ઘોડે આવી હેષારવ કર્યો. પછી હાથીએ આવી શબ્દ કર્યો છત્ર પોતાની મેળે ઉઘડી જઇ તેના મસ્તકપર આવી રહ્યું. ચામરો પણ પોતાની મેળે વીંજાવાં લાગ્યાં. તથા જળથી ભરેલા કળશે પણ પોતાની મેળે તે અમરદત્તના મસ્તકપર રાજ્યાભિષેક કર્યો. પછી રાજાના માણસો તેને હાથી અંબાડીપર બેસાડી ગાજતે વાજતે નગરમાં લઇ જવા લાગ્યા. તે વખતે તેને જોવાને એકઠી મળેલી સ્ત્રીઓ, તેનું રૂપ જોઇ, માંહોંમાંહોં વાતો કરવા લાગી કે અહો! આ રાજાનું કેવું સુંદર રૂપ છે. કેટલીક સ્ત્રીઓ એમ કહેવા લાગી કે, આ રત્નમંજરી સરખું રૂપ તો દેવાંગનાઓનું પણ નથી. કેટલીક એમ કહેવા લાગી કે, રત્નમંજરી પણ કેવી ભાગ્યશાળી છે કે, જેને આવો સ્વરૂપવાન ભર્તાર મળેલો છે કેટલીક એમ કહેવા લાગી કે, આ અમરદત્ત પણ પુણ્યવાન કે, જેને આ પરદેશમાં ભમતાં પણ આવી દેવાંગના સરખી સ્ત્રી મળી. કેટલીક એમ કહેવા લાગી કે, આ મિત્રાનંદને પણ ધન્ય છે, કે, જે કષ્ટ સહન કરીને પણ પોતાના મિત્ર વાસ્તે આવી સુંદર કન્યા લાવ્યો. કેટલીક એમ કહેવા લાગી કે, આ શેઠને પણ ધન્ય છે, કે જેણે આ અમરદત્તને નાત જાત જાણ્યાવિના પણ પુત્રની પેઠે પાળ્યો. એવી રીતના સ્ત્રીઓના વિવિધ પ્રકારના વચનો શ્રવણ કરતો અનુક્રમે તે રાજદરબારમાં આવ્યો. પછી ત્યાં હાથીઉપરથી નીચે ઉતરી, સભામાં સિંહાસનપર બેઠો. રત્નમંજરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા મિત્રાનંદ પણ તેની પાસે બેઠા. પછી સામત મંત્રિ આદિક રાજના માણસોએ તેનો પટ્ટાભિષેક કર્યો. પછી રાજાએ (અમરદત્તે) રત્નમંજરીને પટરાણી તરીકે સ્થાપી. મિંત્રાનંદને સઘળો રાજકારભાર સોંપી દીધો. રત્નસાર શેઠને પિતાને સ્થાનકે સ્થાપ્યો. એવી રીતે સઘળાને ઉચિત કાર્યો સોંપી, અમરદત્ત નિશ્ચિંત થઇ રાજ્ય કરવા લાગ્યો. હવે મિત્રાનંદ રાજકારભારમાં પ.ડી ગયો, તો પણ તે શબે કહેલું મૃત્યુસૂચક વચન તેના હૃદયમાંથી દૂર ગયું નહીં. તથા રાત દહાડો ચિંતામાં ને ચિંતામાં રહે। સુખે નિદ્રા પણ ન આવે. કારણ કે કહ્યું છે કે,

अर्थातुराणां न गुरुर्नबन्धुः ।
कामातुराणां न भयं न लज्जा ॥
चिन्तातुराणां न सुखेन निद्रा।
क्षुधातुराणां न रुचिर्नवेला ॥१॥

અર્થ—ધનનો અર્થી માણસ ભાઇને અથવા ગુરૂને પણ જોતો નથી; કામાતુર માણસને ભય અથવા લજ્જા એ બન્નેમાનું કંઇ પણ હોતું નથી; ચિંતાતુર માણસને સુખે નિદ્રા હોતી નથી; તથા ક્ષુધાતુર માણસ સ્વાદનો અથવા ઉચિત સમયનો પણ વિચાર કરતો નથી. ॥ ૧ ॥

એવી રીતે ચિંતામાં ને ચિંતામાં તેના કેટલાક દિવસો તો નિકળી ગયા. પછી એક દહાડો ચિત્તમાં ઘણોજ ખેદ કરવા લાગ્યો, અને અમરદત્તને કહેવા લા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્યો કે, હે મિત્ર, તે શબ્દ કહેલી વાણી હજુ મારા ચિત્તમાંથી જતી નથી. અને તેથી મારા ચિત્તમાં અહીં ઘણોજ ખેદ થયા કરે છે. મારી કોઇ બીજે દેશાંતર જવાની ઇચ્છા છે. ત્યારે અમરદત્ત મિત્રાનંદને મધુર વચનોથી કહેવા લાગ્યો કે, હે મિત્ર, તું તારા ચિત્તમાં ખેદ નહીં કર? તે સઘલી વ્યંતરની ચેષ્ટા છે ત્યારે મિત્રાનંદ કહેવા લાગ્યો કે, હે મિત્ર, તોપણ મારા ચિત્તને અહિંતો જરા પણ ગોઠતું નથી, માટે મને કોઇક દૂર દેશાંતર મોકલ? ત્યારે અમરદત્ત પણ મનમાં ખેદ પામી વિચારવા લાગ્યો કે, ખરેખર મારા મિત્રનું ચિત્ત હવે ચપળ થયું છે. માટે જો હું તેની મરજી વિરૂદ્ધ થઇ, તેને દેશાંતર નહીં મોકલુ તો, અહીં ચિંતામાં ને ચિંતામાં તે પોતાના પ્રાણનો ત્યાગ કરશે. અને દેશાંતર જવાથી જો તેની ચિંતાનું નિવારણ થતું હોય, તો ઘણુંજ સારૂં છે. એમ વિચારિ તેણે આંખમાં અશ્રુ લાવી મિત્રને કહ્યું કે, જો તારી દેશાંતર જવાનીજ ઇચ્છા હોય, તો આપણા ખાતરીદાર માણસોને સાથે લઇ તું વસંતપુર નગરે જા? મિત્રાનંદે તે વાત કબુલ કર્યાથી રાજાએ પોતાના કેટલાક ખાતરીદાર માણસોને તેના રક્ષણ માટે સાથે મોકલ્યા. તથા તેઓને એવો હુકમ કર્યો કે, ત્યાં જઇ, તમારામાના કોઇએ પાછા અહીં આવી, મિત્રાનદંના ક્ષેમકુશલના સમાચાર મને કહેવા. પછી તેઓ સઘળા મિત્રાનંદને લઇ, વસંતપુર તરફ ચાલ્યા. પછી અહીં અમરદત્ત પણ પોતાના મિત્રના વિયોગથી દુઃખ પામવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો. પણ થોડા દહાડા પછી રાજકાજમાં પડી જવાથી પાછું દુઃખ વિસરી ગયો. હવે મિત્રાનંદને ગ ઘણા દિવસો થયા, તોપણ સાથે ગએલા માણસોમાનો એક પણ માણસ અમરદત્તને મિત્રાનંદના કુશલ સમાચાર દેવા પાછો ફર્યોજ નહીં. ત્યારે અમરદત્તના ચિત્તમાં ઘણોજ ખેદ થવા લાગ્યો. પછી તેણે તેની તપાસ માટે ત્યાંથી બીજા માણસો મોકલ્યાં. તે માણસો પણ કેટલેક દહાડે ત્યાં રાજા પાસે આવી, નિશ્વાસ મૂકી, કહેવા લાગ્યા કે, હે રાજા, અમોએ તો ત્યાં મિત્રાનંદને જોયો પણ નહીં, તેમ તે સંબંધિ કંઇ વાત પણ સાંભળી નહીં. માણસોનાં આવાં બાણ સરખાં હૃદયભેદક વચનો સાંભળી રાજા મનમાં ઘણોજ ખેદ લાવી કલ્પાંત કરવા લાગ્યો. પછી તેણે રત્નમંજરીને બોલાવી, તે સઘલી વાત કહી. ત્યારે તે પણ ખેદ પામી, રૂદન કરવા લાગી. પછી રાજાએ રાણીને પૂછ્યું કે, હવે આપણે શું કરવું? ત્યારે રત્નમંજરી બોલી કે, હે સ્વામિ, આ વખતે જો અહીં કોઇ જ્ઞાની મુનિરાજ આવી ચડે, તો આપણા સંદેહનું નિવારણ થાય. તે શિવાય બીજો કશો પણ ઉપાય નથી. ત્યારે રાજા નિઃશ્વાસ મુકી કહેવા લાગ્યો કે, હે પ્રિયા, તે જ્ઞાની મહારાજ અહીં આ વખતે આવે, એવાં આપણા નશીબજ કયાંથી હોય! એવી રીતે તેઓ બન્ને શોકાતુર થઇ બેઠા છે, એવામાં અકસ્માત ઉદ્યાનપાલ આવી, હાથ જોડી તેઓને કહેવા લાગ્યો કે, હે સ્વામિ! આપના અશોકતિલક નામના ઉદ્યાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ધર્મઘોષ નામના ચુતુર્જ્ઞાની આચાર્ય આવી સમો-સર્યાછે. ઉદ્યાનપાળનાં આવાં વચનો સાંભળી, રાજા તથા રાણી અત્યંત હર્ષ પામવા લાગ્યાં. પછી રાજાએ તે ઉદ્યાનપાળને પંચાંગી પોશાક આપી વિસર્જન કર્યો; તથા પોતે રત્નમંજરીને સાથે લઇ, રથમાં બેશી, ચિત્તમાં ઘણો હર્ષ લાવી, આચાર્ય મહારાજને વાંદવા ગયો. ત્યાં ગુરૂની પાસે જઇ ત્રણ પ્રદક્ષણા કરી વિધિ પૂર્વક વાંદી ઉત્તરાસણ વારી સન્મુખ થઇ બેઠો. ત્યારે ગુરૂ દેશના દેવા લાગ્યા કે, હે ભવ્યલોકો! તમે આ મનુષ્ય જન્મ પામી ધર્મમાં મન જોડી તમારા આત્માને સફળ કરજો. તમારે સંસારના અન્ય કાર્યના પ્રસંગથી તમારાથી ઘણી ધર્મક્રિયા ન બની શકતી હોય, તોપણ હમેશાં માત્ર એક સામાયક કરવાનો તો અવશ્ય નિયમ રાખવો. તે સામાયક કરવાથી પણ સિંહ નામના શ્રાવકની પેઠે મુકિત મળે છે. આ વાત સાંભળી અમરદત્ત રાજા હાથ જોડી, આચાર્ય માહારાજને કહેવા લાગ્યો કે, હે ભગવન, તે સિંહ શ્રાવકને શી રીતે મુકિત મળી? તે કૃપા કરી કહેશો. ત્યારે આચાર્ય મહારાજ કહેવા લાગ્યા કે, આજ ભરતક્ષેત્રમાં રમણીય નામે એક નગર છે. ત્યાં હેમાંગદ નામે રાજા હતો. તથા તેને હેમશ્રી નામે સ્ત્રી હતી. વળી તેજ નગરમાં જિનદેવ નામે એક શ્રાવક હતો, તથા તેને જિનદાસી નામે સ્ત્રી હતી. તેઓને સિંહ નામે પુત્ર હતો. તે હમેશાં સામાયક લઇ, સ્થિર ચિત્તે સાંજ સવાર બન્ને વખત પ્રતિક્રમણ કરે. એક દહાડો તે સંહ શ્રાવક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય કમાવા વાસ્તે કેટલાક માણસો સાથે દૂર દેશાંતર ગયો. માર્ગમાં તે સઘળા માણસો સાથે એક અટવીમાં જઇ ઉતર્યો. તે વખતે ત્યાં કેટલાંક ટીડનો સમૂહ આવી ચડયો. તે વખતે સિંહ શ્રાવક તો સામાયક લઇ બેઠો હતો. ત્યારે બીજા માણસોએ તો તે ટીડના સમૂહને અગ્નિના ધુંવાડાથી દૂર કર્યો. પણ સિંહ શ્રાવક તો એક પોતાના ધ્યાનમાંજ સ્થિર થઇ બેઠો રહ્યો. ત્યારે તે ટીડનો સમૂહ તેના શરીરને કરડવા લાગ્યો, તોપણ તેઓના પર જરા પણ ક્રોધ લાવ્યા વિના તેણે તે સહન કર્યું. થોડીવાર પછી દક્ષિણ દિશા તરફ પવન વાવા લાગ્યો. તેથી તે સઘળાં ટીડ પવન સાથે ઘસડાઇ ગયાં. પછી સિંહ શ્રાવકે સામાયક પાળી. ત્યારે તેનું શરીર સોજાથી સુણી ગયું. તોપણ તેણે તેઓના પર જરા પણ ક્રોધ નહીં લાવી સહન કર્યું. અંતે વૈરાગ્ય પામી, દીક્ષા લઇ, અનશન કરી દેવલોકે ગયો. પછી મનુષ્ય ભવ કરી, દીક્ષા લઇ, કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયો. માટે એવું જાણી, હે ભવ્ય જીવો! તમેં પણ ધર્મના કાર્યમાં તત્પર થઇ મોક્ષ સુખ મેળવો. એવી રીતે આચાર્ય મહારાજ દેશના દઈ રહ્યા, ત્યારે અશોકદત્ત નામના એક શ્રાવકે આચાર્ય મહારાજને પૂછ્યું કે, હે ભગવન, આ મારી પુત્રી અશોકશ્રીને સઘલા શરીરમાં રોગોત્પત્તી કેમ થઇ છે? તથા રોગ નિવારણ કરવા વાસ્તે ઘણા પ્રકારના ઉપાય કરીએ છીએ, તો પણ તે રોગની શાંતિ કેમ થતી નથી? ત્યારે આચાર્ય મહારાજ કહેવા લાગ્યા કે, હે શ્રેષ્ટિ, આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગલે ભવે આ તારી પુત્રી, ભૂતશાલ નામના નગરમાં, ભૂતદેવ શેઠની કુરૂમતી નામે સ્ત્રી હતી. તેઓને એક પુત્ર હતો. તથા તેની દેવમતી નામે સ્ત્રી હતી. તે બન્ને સાસુ વહુને બનતું ન હોતું. એક દહાડો દુધનું વાસણ ખુલ્લું રહી જવાથી, એક બિલાડી આવીને તેમાંથી દુધ પીવા લાગી. તે જોઈ કુરૂમતી પોતાની વહુને કહેવા લાગી કે, તને શું ડાકણ વળગી છે? જે તેં દુધનું રક્ષણ કર્યું નહીં. સાસુનું આ વચન સાંભળી, તે બિચારી દેવમતી તો કંપવા લાગી. એટલામાં ત્યાં થઈને કોઈ ડાકણ ચાલી જતી હતી. તેણે આ વચણ સાંભળ્યું. તે કુરૂમતીએ કહેલા વચનથી, પોતાને આવડતા મંત્રનો દેવમતી ઉપર પ્રચાર કર્યો. તેથી દેવમતી ઘણુંજ દુઃખ પામવા લાગી. પછી તેના ઘણા ઘણા ઇલાજો કર્યા, પણ કોઇ રીતે તે રોગનું નિવારણ થયું નહીં. એક દહાડો ત્યાં કોઇ યોગી આવી ચડયો. ત્યારે ભૂતદેવ શેઠે તે યોગીને દેવમતીનો રોગ નિવારણ કરવાનું કહ્યું. ત્યારે યોગીએ અગ્નિ સલગાવી, મંત્ર ભણવા માંડયા. ત્યારે તે ડાકણ દુઃખ પામી ત્યાં આવી. તે વખતે યોગીએ તેણીને પૂછયું કે, તું આને શા માટે વળગેલી છું? ત્યારે તે ડાકણ કહેવા લાગી કે, જે વખતે તેણીની સાસુએ તેને ડાકણ વળગ્યાનું કહ્યું તે વખતે મેં મારા મંત્રનો તેનાપર ઉપયોગ કર્યો. પછી યોગીએ મંત્રના બળથી તેણીના શરીરમાંથી તે ડાકણીને દૂર કરી. પછી નગરના રાજાએ તે ડાકણીને પોતાના દેશમાંથી કહાડી મૂકી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી તે કરૂમતીને લોકો "કાલજીવૂહા" કહી બોલાવવા લાગ્યા. પછી કેટલેક દહાડે તે કરૂમતીએ પણ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. છેવટે શુભ ધ્યાને કાળ કરી દેવ-લોકમાં ગઇ. ત્યાંથી ચવીને, હે શેઠ, આ તારી પુત્રી થઇ. તેણીએ પૂર્વ ભવમાં જે દુર્વચન કહ્યું હતું, તેના પ્રભાવથી આ ડાકણ તેને વળગી હતી. હવે તે તારી પુત્રીને તું અહીં મારી પાસે તેડી લાવ. ગુરૂનું આ વચન સાંભળી શેઠ જલદી તેણીને તેડી લાવ્યો. ત્યારે ગુરૂના મુખની વાણી સાંભળતાંજ તેણીને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. તેથી તે હાથ જોડી, ગુરૂ મહારા-જને કહેવા લાગી કે હે પ્રભુ, જે આપે કહ્યું, તે સઘ-ળું સત્ય છે. હવે મને આ સંસારમાં રહેવું ગમતું નથી, માટે કૃપા લાવી મને દીક્ષા આપો. ત્યારે ગુરૂ મહારાજ કહેવા લાગ્યા કે, હે ભદ્રે, હજુ પણ તારે બાકી ભોગાવલી કર્મો ભોગવવાનાં રહ્યાં છે, તે ભો-ગવ્યા પછી તું દીક્ષા લેજે. એવી રીતે ગુરૂનું વચ-ન સાંભળી, ઉચિત વ્રતપચખાણ લઇ, શેઠ પોતાની પુત્રીને સાથે લઇ, પોતાને ઘેર ગયા. આ વાત સાંભ-ળી અમરદત્ત રાજા વિચારવા લાગ્યો કે, અહો! આ ગુરૂ મહારાજનું કેવું ઉત્તમ જ્ઞાન છે! એણે તે શેઠની પુત્રીનો જન્મવૃતાંત પ્રત્યક્ષ કહી સંભળાવ્યો. એમ વિચારી રાજાએ ગુરૂ મહારાજને પૂછ્યું કે હે સ્વામિ, આપ મારા પ્રાણવલ્લભ મિત્ર, મિત્રાનંદનું વૃતાંત મને કહી સંભળાવવા કૃપા કરશો. ત્યારે ગુરૂ મહારાજ કહેવા લાગ્યા કે, હે રાજા, તે તારો મિત્ર

For Private And Personal Use Only

તારી પાસેથી નીકળી સમુદ્ર ઓળંગીને પૃથ્વીપર ગયો. ત્યાં એક પર્વતમાંથી નીકળતી નદીપાસે પરિવાર સહિત ભોજન કરવા વાસ્તે તેણે મુકામ કર્યો. અને જેવા તેઓ સઘળા જમવા બેઠા કે તુરત એક ભીલનું ધાડું આવી, તેમનાપર તુટી પડયું. ત્યારે મિત્રાનંદ ભયભ્રાંત થઇ, ત્યાંથી એકાએક નાઠો. હવે તે માણસોમાના કેટલાક તો ત્યાં માર્યા ગયા, તથા કેટલાક નાશી ગયા.હવે ત્યાંથી તારો મિત્ર નાશીને એક અઘોર વનમાં જઇ પહોંચ્યો. ત્યાં તેની દૃષ્ટિએ એક સરોવર પડયું તેમાંથી નિર્મળ પાણી પીને, ત્યાં ઉગેલા એક વડના વૃક્ષ નીચે જઇ સૂતો. તેવામાં તે વડમાંથી એક કાળા નાગે આવી, તેને પોતાનો ઝેરી ડંખ માર્યો, તેથી તે બેભાન થઇ, ત્યાં પડયો. એવામાં એક તપસ્વી યોગી ત્યાં આવી ચડયો. તેણે મિત્રાનંદને બેભાન જોઇ, દયા આવવાથી જળ મંત્રી તેનાપર છાંટયું. તેના પ્રભાવથી તે સજીવન થયો. પછી તે યોગીએ તેને પૂછયું કે, હે ભદ્ર, તું આ એકાકી અહીં શી રીતે આવી ચડયો? ત્યારે મિત્રાનંદે તેની પાસે પોતાની સઘળી વાત ખરેખરી કહી બતાવી. પછી તે તપસ્વી પોતાને આશ્રમે ગયો. પછી મિત્રાનંદ વિચારવા લાગ્યો કે, અરે! હું મારા મિત્રથી જુદો પડી આ અઘોર અટવીમાં કયાંથી આવી પડયો! એમ વિચારી પાછો પોતાના મિત્રને મળવા વાસ્તે તે ચાલ્યો. એટલામાં રસ્તે તેને કેટલાક ચોરો મળ્યા. તેઓ તેને પોતાને સ્થાનકે લઇ ગયા. તેઓએ તેને એક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાણીકને ત્યાં વેચ્યો. પછી તે વાણીક તેને સાથે લઇ પારસકુલ નામના દેશ તરફ જવા નિકળ્યો. ત્યાં માર્ગમાં ઉજ્જયની નગરીએ તેઓ આવી પહોંચ્યા. તથા રાત્રી નિર્ગમન કરવા વાસ્તે ત્યાં આવાસ કરી રહ્યા. ત્યારે મિત્રાનંદ વિચારવા લાગ્યો કે, આ વાણીક મને ઘણું કષ્ટ આપે છે, માટે આ વખતે હું નાશી જઉં તો છુટું. એમ વિચારી તે ત્યાંથી નાશીને નગરમાં પેઠો. તે વખતે તે નગરીમાં ચોરોનો ઘણોજ ઉપદ્રવ હતો, તેથી રાત્રીએ રાજાએ તપાસ માટે ચોકીદારો રાખ્યા હતા. હવે તે વખતે તેઓએ આ મિત્રાનંદને ચોરની પેઠે નગરીમાં પ્રવેશ કરતો જોયો. ત્યારે તેઓએ તે બિચારા નિરપરાધી મિત્રાનંદને બાંધ્યો. પછી પ્રાતઃકાળે તેને રાજાપાસે લઇ ગયા. ત્યારે રાજાએ તેને ક્ષિપ્રા નદીને કાંઠે રહેલા વડ ઉપર ઉંધે માથે લટકાવી મારી નાખવાનો હુકમ કર્યો. ત્યારે તેઓ તેને ત્યાં લઇ જવા લાગ્યા. ત્યારે મિત્રાનંદ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે જે વચન તે શબના મુખમાંથી તે સમયે નિકળ્યું હતું, તે ખરેખર સત્ય થયું. કારણ કે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

**यत्र वातत्रवायातु। यद्वा तद्वाकरोत्वसौ॥**
**तथापिमुच्यतेप्राणी। नपूर्वकृत्स्कर्मणः॥१**

અર્થ—માણસ ગમે ત્યાં જાઓ, અથવા ગમે તેમ કરો, તોપણ તે પૂર્વે કરેલા કર્મોથી મુક્ત થતો નથી. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**विभवोनिर्धनत्वंच। बन्धन मरणंतथा॥**
**येनयत्रयदालभ्यं। तस्यतत्तुतक्षम्भवेत्॥२**

અર્થ—વૈભવ નિર્ધનપણું તથા મરણ, જેને જે વખતે, જે જગાએ મળવાનું છે, તેને તે વખતે તથા તેજ જગાએ મળે છે. ॥ ૨ ॥

**यातिदूरमसौजीवो।मृत्युस्थानाद्भयद्रुतः**
**तत्रैवानीयतेभूयोऽ। भिनवप्रौढकर्मणा॥**

અર્થ—આ જીવ ભય પામી મૃત્યુનું સ્થાનક છોડી અન્ય સ્થાનકે જાય છે તોપણ પૂર્વે કરેલાં કર્મો તેને પાછો તેજ જગોએ લાવીને મૂકે છે. ॥ ૩ ॥

પછી તે માણસોએ તે બિચારા નિરપરાધિ મિત્રાનંદને તેજ વડ ઉપર ઉંધે મસ્તકે લટકાવ્યો. ત્યાં કેટલોક કાળ રહ્યા પછી છેવટે મૃત્યુ શરણ થયો. તેના શરીરનું કલેવર તેજ વડે લટકી રહ્યું હતું. એક દહાડો તે જગોએ કેટલાક ગોવાળીઆઓ આવી મોઇ ડાંડીએ રમવા લાગ્યા. કર્મયોગે તેઓની મોઇ ઉછળીને તે શબના મુખમાં જઇ પડી. ગુરૂના મુખથી મિત્રના આ સમાચાર સાંભળી, અમરદત્ત રાજા, તથા રત્નમંજરી રાણી મૂર્છાખાઇ એકદમ પૃથ્વીપર પડયાં. થોડીવારે ભાન આવવાથી, બેઠા થઇ મિત્રના ગુણોને વારંવાર સંભાળતા થકા બન્ને જણ અત્યંત રૂદન કરવા લાગ્યા. તે બન્નેને વિલાપ કરતા જોઇ ગુરૂ કહેવા લાગ્યા કે હે રાજા, આ સંસારનું સ્વરૂપ એમજ બની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યું છે. આ સંસારમાં મુખ્યત્વે કરી, પ્રાણીઓ-ને સુખતો છેજ નહીં. નિરંતર દુઃખદુઃખ વ્યાપી રહ્યું છે. વળી આ સંસારમાં એવો પણ કોઇ માણસ નથી કે જેને મૃત્યુની બીક નથી રહેતી. ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, આદિક સર્વ મનુષ્યોપર ધર્મરાજા પોતાની ફરજ બજાવવા કદી પણ વિલંબ કરતો નથી. માટે હે રાજા, વિષાદનો ત્યાગ કરી, માત્ર ધર્મ કાર્યોમાં વલણ કરો, કે જેથી મુક્તિકમલા આવી, તમારા હસ્ત કમળ નો આશ્રય લે. ગુરૂનાં આવાં વચન સાંભળી અમરદત્તે કહ્યું કે, હે ભગવાન, તે મિત્રાનંદનો જીવ હવે ક્યાં જઇ ઉપનો છે? ત્યારે આચાર્ય મહારાજ કહેવા લાગ્યા કે, હે રાજા તે મિત્રાનંદનો જીવ, આ તારી રાણીની કુંખે પુત્ર પણે આવી ઉપનો છે. કારણ કે મૃત્યુ વખતે તેણે એવી ભાવના ભાવી હતી. તેનું નામ કમલગુપ્ત પા-ડવામાં આવશે, તથા અનુક્રમે તે પણ રાજપદવી પામશે. ત્યારે વળી અમરદત્ત ગુરૂ મહારાજને પૂછવા લાગ્યો કે હે ભગવાન, તે મિત્રાનંદનું અપરાધવિના ચોરની માફક કેમ મૃત્યુ થયું? આ રત્નમંજરીને મારીનું કલંક કેમ આવ્યું? મને બાળપણાથીજ બાં-ધવોનો વિયોગ કેમ થયો? તથા અમોને પરસ્પર સ્ને-હ કેમ થયો? તે સઘળું કૃપા કરી કહેશો. ત્યારે ગુરૂ મહારાજ કહેવા લાગ્યા કે, હે રાજા આજથી ત્રીજે ભવે તું ક્ષેમંકર નામનો એક કુટુંબી હતો. તેને સત્ય-શ્રી નામે સ્ત્રી હતી. તથા તેને ઘેર ચંડસેન નામે એક ચાકર હતો. તે ચાકર તે સ્ત્રી ભરતારની ઘણીજ વિન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચપૂર્વક ભક્તિ કરતો. એક દહાડો તે ચાકર [illegible] શેઠના ખેતરમાં કંઇ કામ કરતો હતો. એવામાં પાસેના ખેતરમાંથી કોઇ એક પંથીને ધાન્ય લેતાં તેણે જોયો. ત્યારે તે ચાકર મોટેથી કહેવા લાગો કે, આ દુષ્ટ ચોરને પકડીને વૃક્ષ ઉપર લટકાવો? તે ચાકરનું આ વચન સાંભળીને તે ખેતરના માલીકે દયા લાવી તે પંથીને કંઇ કહ્યું નહીં. ત્યારે તે પંથી ખેદ લાવી મનમાં વિચારવા લાગ્યો કે, આ ક્ષેત્રનો સ્વામી તો મને કંઇ કહેતો નથી, અને આ પાપી તો મને આવું વચન કહે છે. એમ વિચારીને તે પંથી તો પોતાને સ્થાનકે ગયો. તે વખતે તે ચાકરે ક્રોધ યુક્ત વચન બોલી, નિબિડ કર્મ બાંધ્યું. એક દહાડો તે ક્ષેમંકર કુટુંબીના દીકરાની વહુ જમવા બેઠી હતી, તે વખતે ઉતાવળમાં ધાન્યનો કોળીઓ તેણીને ગળે અડકી રહ્યો, તે જોઇ તેણીની સાસુ સત્યશ્રી કહેવા લાગી કે, અરે રાક્ષસી નાના કોળીઆ લઇ જમે તો તારૂં શું જાય છે? આવું ક્રોધ યુક્ત વચન બોલી તેણીએ પણ નિબિડ કર્મ બાંધ્યું. એક દહાડો તે ક્ષેમંકરે પોતાના ચાકરને અમુક ગામ જાવાને ફરમાવ્યું. ત્યારે ચાકરે કહ્યું કે, આજે તો મારે મારા સગાંને મળવા જવું છે, માટે હું કાલે જઇશ. ત્યારે ક્ષેમંકરે ઇર્ષ્યા લાવી કહ્યું કે, તારા સગાને મળવા નહીં જવાય. ત્યારે તે ચાકર નિરાશ થઇ બેઠો. એટલામાં ત્યાં બે મુનિરાજ આવી ચડયા. ત્યારે ક્ષેમંકરે પોતાની સ્રીને મુનિને વોરાવવાને કહ્યું. ત્યારે તેણીએ પણ ઘણો હર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષાની શુભ ભાવનાથી મુનિને શુદ્ધ આહાર પાણી વોરાવ્યાં. તે વખતે તે ચાકર પણ આ જોઇ, વિચારવા લાગ્યો. કે, અહો! આ સ્ત્રી ભરતારને ધન્ય છે, કે જેણે આ મુનિરાજને શુભ આહાર વોરાવ્યો. પછી એક દહાડો કર્મયોગે તે ત્રણે ઉપર વીજળી પડી, તેથી તેઓ એકજ સમયે મૃત્યુ પામી, સૌધર્મા દેવલોકમાં ગયા. ત્યાંથી ચવીને તે ક્ષેમંકરનો જીવ હે રાજા, આ તું થયો, તથા સત્યશ્રીનો જીવ ચવીને આ રત્નમંજરી થઇ, અને તે ચાકરનો જીવ ચવીને મિત્રાનંદનો જીવ થયો. તેઓએ પૂર્વ જન્મમાં જે જે કર્મ બાંધ્યાં હતાં, તે તે સઘળાં તેઓને ભોગવવાં પડયાં. આ વાત સાંભળતાંજ તે સ્ત્રી ભરતારને જાતીસ્મરણ જ્ઞાન થયું, તથા પોતાના પૂર્વ ભવનું સ્વરૂપ સાક્ષાત જોવા લાગ્યા. ત્યારે હાથ જોડી ગુરૂ મહારાજને કહેવા લાગ્યા કે, હે ભગવાન તમોએ જે વાત અમોને કહી સંભળાવી તે સઘળી અમે હવે પ્રત્યક્ષ જોઇ. અને હવે અમોને યોગ્ય ધર્મક્રિયા કરવાનું ફરમાવો. ત્યારે ગુરૂ કહેવા લાગ્યા કે, હે રાજા હજુ તારે ભોગાવલી કર્મ બાકી રહ્યાં છે, તે ભોગવ્યા બાદ પુત્રને ગાદિએ બેસાડી દીક્ષા લેજે, અને હમણા તને શ્રાવકનો ધર્મ ઉચિત છે. ત્યારે અમરદત્તે તથા રત્નમંજરીએ બારવ્રત સહિત શ્રાદ્ધ ધર્મ અંગીકાર કર્યો. વળી અમરદત્તે ગુરૂ મહારાજને પૂછ્યું કે, હે ભગવાન તે વખતે તે શબે જે વચન કહ્યું હતું તે કોણ હતો? ત્યારે આચાર્ય કહેવા લાગ્યા કે, તે પેલો ધાન્ય લેનાર પંથી હતો. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળ કરીને, તથા ભવમાં ભમીને છેવટે વ્યંતર થઇ તે વડમાં રેહેતો હતો. તે વખતે તેણે મિત્રાનંદને જોઇ, પૂર્વ ભવનું વેર યાદ કરી, શબના શરીરમાં ઉતરી વચન કહ્યું હતું. ગુરૂનાં આ વચનો સાંભળી અમરદત્ત રાજા સંદેહ રહિત થઇ પોતાને ઘેર આવ્યો. આચાર્ય પણ ત્યાંથી વિહાર કરી અન્ય જગોએ ગયા. પછી સમય સંપૂર્ણ થયાથી રત્નમંજરી રાણીને પુત્ર થયો. તેનું નામ આચાર્યના વચનપરથી કમલગુપ્ત પાડયું. પછી અનુક્રમે તે પુત્ર બહોતેર કળાનો અભ્યાસ કરી, રાજય ચલાવવાને યોગ્ય થયો. એટલામાં તેજ ગુરૂ પાછા ત્યાં આવી ચડયા. ઉદ્યાનપાલકે જઇ રાજાને વધામણી આપી, તેથી રાજાએ અત્યંત આનંદ પામી, રત્નમંજરીને સાથે લઇ ગુરૂ પાસે જઇ દીક્ષા લીધી. પછી ગુરૂ મહારાજ તે બન્નેને દીક્ષા દઇ, સભા સમક્ષ તેઓને શિખામણ દેવા લાગ્યા કે, આ જીવ અપાર ભવસાગરમાં ભમી ભમી, કોઇ પુણ્યના યોગથીજ મનુષ્ય ભવ પામે છે. અને તે મનુષ્ય ભવ પામીને પણ જો વિષયમાં આસકત થઇ બેશી રહે છે, તો તે જિનરક્ષિતની પેઠે અગાધ ભવસાગરમાં ડુબે છે. અને જે પ્રાણી વિષય થકી દૂર રહે છે, તે પ્રાણી જિનપાલિતની પેઠે સુખી થાય છે. ત્યારે તે અમરદત્ત મુનિ ગરૂ મહારાજને હાથ જોડી, ક્હેવા લાગ્યા કે, હે ભગવન તે જિનરક્ષિત તથા જિનપાલિતને કેવી રીતે દુઃખ સુખ વેઠવાં પડયાં, તે કહેવા કૃપા કરશો. ત્યારે આચાર્ય મહારાજ કહેવા લાગ્યા કે, ચંપાં નામની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગરીમાં જિતશત્રુ નામે રાજા હતો. તેને ધારિણી નામે રાણી હતી. તે નગરીમાં સરલ સ્વભાવી, ઉદાર, બુદ્ધિવંત તથા ધનવાન માકંદી નામે શેઠ વસતો હતો. તેને ભદ્રા નામે સ્ત્રી હતી. તેને જિનપાલિત અને જિનરક્ષિત નામે બે પુત્રો હતા. અનુક્રમે તેઓ બન્ને યુવાવસ્થાને પ્રાપ્ત થયા. ત્યારે તે બન્ને વહાણપર બેશી પરદેશ જઇ વેપાર કરવા લાગ્યા. એવી રીતે તેઓએ અગીયાર વખત સમુદ્રવાટે કુશલક્ષેમે વેપાર કર્યો. તથા ઘણું ધન એકઠું કર્યું. પછી બારમી વખત પણ તેઓ વહાણમાં બેશી ચાલ્યા. ત્યારે તેઓના પિતાએ તેમને કહ્યું કે, હે પુત્રો આપણા ઘરમાં ઘણું ધન છે, માટે હવે અતિ લોભ નહીં કરો. કારણ કહ્યું છે કે,

**गन्धाढ्यं नवमल्लिकां मधुकरस्त्यक्त्वा गतो यूथिकां । तां दृष्ट्वाशु गतः स चन्दनवनं पश्चात्सरोजं गतः ॥ बद्धस्तत्र निशाकरेण सहसा रोदित्यसौ मन्दधीः। सन्तोषेणविना पराभवपदं यान्तीह सर्वे जनाः ॥ १ ॥**

અર્થ—એક ભમરો પ્રફુલ્લિત થએલા જાઇના પુષ્પને છોડી ગુલાબના પુષ્પપર ગયો, ત્યાંથી પાછો એકદમ ચંદનના વનમાં ગયો. ત્યાંથી પાછો તળાવમાં ઉગેલા કમળપર ગયો, ત્યાં ચંદ્રમા ઉગવાથી એકદમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પુષ્પની અંદર બંધાણો, ત્યારે તે મંદમતિ રોવા લાગ્યો; માટે સંતોષ વિના સર્વ માણસો દુઃખાવસ્થાને પ્રાપ્ત થાય છે. ॥ ૧ ॥

માટે હે પુત્રો હવે તમે સંતોષ રાખી અહીં રહી વ્યાપર કરો ? પિતાની આ શિખામણનો અનાદર કરી, તેઓ બન્ને વહાણમાં કરીઆણું ભરી ચાલ્યા. ચાલતાં ચાલતાં તેઓ મધ્ય સમુદ્રે આવી પહોંચ્યા. એટલામાં આકાશમાં એકાએક વરસાદ ચડી આવ્યો. ભયંકર ગર્જનાથી વહાણપર રહેલા સઘલા માણસોનાં શરીર ધ્રુજવા લાગ્યાં. વીજળીના ચમકારા થવા લાગ્યા. પવન ઘણા જોરથી ફુંકવા લાગ્યો. એટલામાં તે વહાણ પવનના જોરથી એક ખરાબા પાસે જઇ, ત્યાં અથ-ઇ ભાગી ગયું. વહાણપરના સઘળા માણસો એકદમ સમુદ્રને ભોગ થઇ પડયાં. પણ નશીબ યોગે તે જિનરક્ષિત તથા જિનપાલિત બન્નેના હાથમાં એક પાટીઉં આવી ગયું. તે પાટીઆને મજબુત પકડી, મોજાઓના મારથી તેઓ સમુદ્રની અંદર ઘસડાતા ચાલ્યા. ચાલતાં ચાલતાં ત્રીજે દહાડે તેઓ રત્નદ્વિપને તીરે જઇ પહોંચ્યા. ત્યાં કાંઠાપર ઉતરી આસપાસ, દૃષ્ટિ કરવા લાગ્યા, એટલામાં તે દ્વિપની અધિષ્ઠાતા દેવી, વીકરાળ રૂપ કરી, હાથમાં તલવાર લઇ ત્યાં આવી પહોંચી અને તે બન્નેને કહેવા લાગી કે, તમેં મારી સાથે વિષય સુખ ભોગવો, નહીંતર તમોને આ ખડગથી મારી, યમદ્વારાએ પ્રાપ્ત કરીશ. તે બન્ને ભયભ્રાંત થઇ કહેવા લાગ્યા કે, હે દેવી, અમારૂં વહાણ ભાગી ગયું છે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે અમેં તારેજ શરણે આવ્યા છીએ, માટે તું જેમ કહીશ, તે કરવા અમો તૈયાર છીએં. એમ કહેવાથી તે દેવી પ્રસન્ન થઇ, તેઓને પોતાને સ્થાનકે લઇ જઇ, સ્નાન કરાવી, તેઓની સાથે વિષયસુખ ભોગવવા લાગી. પછી ત્યાં તેઓ સુખેથી રહેવા લાગ્યા. પછી એક દહાડો તે દેવી તે બન્નેને કહેવા લાગી કે, લવણ સમુદ્રના અધિષ્ટાતા સુસ્થિત નામના દેવે મને સમુદ્રમાંથી કચરો કહાડી નાખવાનો હુકમ કર્યો છે, માટે મારે ત્યાં જવું પડશે. તેથી તમારે અહીં થોડા દિવસ એકાંતમાં રહેવું પડશે. તમોને જો અહીં એકાંતમાં ચેન ન પડે, તો ક્રીડા કરવા વાસ્તે પૂર્વ દિશામાં જજો; ત્યાં હમેશાં ગ્રીષ્મ અને વર્ષા રૂતુ રહે છે. ત્યાં જો ચેન ન પડે તો ઉત્તર દિશામાં જજો; ત્યાં હમેશાં શરદ અને હેમંત રૂતુ રહે છે. કદાચ ત્યાં પણ તમારા મનને જો પ્રસન્નતા ન ઉપજે તો પશ્ચિમ દિશામાં જજો; ત્યાં હમેશાં શિશિર અને વસંત રૂતુ રહે છે. પણ દક્ષિણ દિશામાં ન જવું, કારણ કે ત્યાં દષ્ટિવિષ નામે એક મોટો સર્પ રહે છે. એમ કહી તે દેવી તો ત્યાંથી ગઇ. પછી તે બન્ને તે દેવીએ કહેલા ત્રણે વનમાં જઇ આવ્યા. બીજે દિવસે તેઓ બન્ને માંહોમાંહે કહેવા લાગ્યા કે, તે દેવીએ દક્ષિણ દિશામાં જવાની ના કહી છે, તોપણ આપણે ત્યાં જઇ ખાતરી તો કરવી. એમ વિચારી તેઓ બન્ને દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા. થોડેક દૂર ગયા એટલામાં તેઓને દુર્ગંધ આવવા માંડી. તેથી તેઓએ નાશિકા આગળ વસ્ત્રનો છેડો રાખી આગળ ચાલવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંડયું. ચાલતાં ચાલતાં માર્ગમાં તેઓની દૃષ્ટિએ કેટલાંક મનુષ્યોના કલેવરો પડયાં. ત્યારે તેઓ જરા ભય પામી, ત્યાં થોભી વિચાર કરવા લાગ્યા કે, આ ઉપદ્રવ તે શાનો હશે? એમ તે બન્ને જણ વિચાર કરે છે, એટલામાં ઘણે દૂરથી કોઇ માણસના રૂદનનો સ્વર તેઓને શ્રવણગોચર થયો. તે શબ્દને અનુસારે તેઓ ત્યાંથી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં તે સ્થાનકે પહોંચ્યા, ત્યારે તેઓએ એક શુળીપર લટકાવેલા માણસને જોયો. તે પોતાના દુ:ખથી ઘણોજ વિલાપ કરતો હતો. તેના શરીરમાંથી લોહીની ધારા અવિચ્છિન્ન રીતે વેહેતી હતી. તે પુરૂષને જોઇ, આ બન્ને જણ ઘણોજ વિસ્મય પામ્યા. તથા તે માણસપર દયા લાવી, તેને કહેવા લાગ્યા કે, હે ભાઇ, આ મહાસંકટમાં તને કોણે નાંખેલો છે? તથા આ જગોએ આટલાં બધાં શબ કેમ પડેલાં છે? ત્યારે તે શુળીપરનો માણસ નિશ્વાસ મૂકી કહેવા લાગ્યો કે, હે ભાઇ, હું કાકંદી નામની નગરીમાં રહું છું, તથા જાતે વણિક છું. તથા વેપાર વાસ્તે વહાણમાં બેશી દેશાંતર જવા ઘેરથી નિકળ્યો હતો. પણ મારા કમનશીબે જયારે હું મધ્ય સમુદ્રે આવી પહોંચ્યો, ત્યારે ત્યાં તોફાન થવા લાગ્યું. પવન ઘણાજ જોરથી ફુંકવા લાગ્યો. મોજાં ઊછળી ઉછળીને વહાણની અંદરના ભાગમાં પ્રવેશ કરવા લાગ્યાં. છેવટે ઘણું તોફાન થવાથી અમારા વહાણનો કુવાથંભ તુટી સમુદ્રમાં જઇ પડયો, તથા વાહાણ ડુબવાની તૈયારી કરવા લાગ્યું. ત્યારે ખલાસીઓ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિમત છોડી, ઉદાસ થઇ દિશાઓ તરફ દૃષ્ટિ કરવા લાગ્યા. પણ ચોમેર જળ શિવાય બીજું કંઇ પણ દેખાવા ન લાગ્યું. એટલામાં વહાણની નીચેના ભાગમાં એક બાકોરૂં પડયું, તેની અંદરથી પાણીએ જોસબંધ અંદરના ભાગમાં પ્રવેશ કરવા માંડયો, ત્યારે મેં ખલાસીઓને હોડી ઉતારી દરીઆમાં મૂકવાનું કહ્યું. ત્યારે તેઓએ વાહાણપર રહેલી બે હોડીઓ સમુદ્રમાં ઊતારી. તેમાની એકનાપર તો જોસભેર જબરો મોજો આવી તુટી પડયો, તેથી તે તરતજ તળીએ જઇ બેઠી. બીજી હોડીમાં હું તથા મારી સાથેના બીજા ત્રણ માણસો, તથા બે ખલાસીઓ કુદી પડયા. તે વાહાણમાં બીજાં પણ ઘણા માણસો હતાં. તેઓના ઘણાજ રૂદનથી સઘળો સમુદ્ર ગાજી રહ્યો હતો તે સમયે તેઓના હૃદયભેદક રૂદનના શબ્દોથી પત્થર સરખી કઠોર છાતી વાળા મનુષ્યનું હૃદય પણ પીગળ્યા વિના રહે નહીં. તે વખતે તેઓના રૂદનથી તેમનાપર મને ઘણીજ દયા આવી, પણ શું કરૂં? કારણ કે તેમને બચાવવાનું એકે સાધાન પણ મારી પાસે તે સમયે હાજર નહોતું. પછી તે જગોએથી અમારો મછવો જરા દૂર ચાલ્યો, એટલામાં તે વાહાણ પાણીથી સંપૂર્ણ ભરાઇ જવાથી તળીએ જઇ બેઠું, તથા તેમાં રહેલા સઘળા માણસો તે સમુદ્રના ભોગ થઇ પડયા. પછી અમો છએ માણસો તે મછવામાં બેશી આગળ ચાલ્યા. સમુદ્રની અંદર જોસભેર મોજાં ઉછળતાં હતાં, તેથી અમોને પણ જીવવાની મુદ્દલ આશા ન હોતી. કારણ કે તેમાંનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર એક મોજું પણ અમારા મછવાને તળીએ બેસા ડવા સમર્થ હતું. એવી રીતે તે મછવામાં ને મછવામા ભુખ્યાતર્ષ્યા અમોએ ત્રણ દિવસો કહાડયા. પછી સમુદ્ર પણ જરા શાંત થયો. તે વખતે અમોને ક્ષુધા તથા તૃષા ઘણીજ વ્યાપેલી હતી. ચોથે દહાડે અમારા-માના ત્રણ માણસો તૃષાથી વ્યાકુલ થઇ, મૃત્યુ શરણ થયા, તેથી અમોએ તેમને સમુદ્રમાં ફેંકી દીધા. પાંચમે દહાડે પ્રાતઃકાળમાં મારા શિવાય બાકી રહેલા બીજા બે માણસો પણ તેજ કારણથી મૃત્યુ પામ્યા, તેથી મેં તેઓને પણ સમુદ્રમાં ફેંકી દીધા. છેવટે હું પણ બેહોશ હાલતમાં તે મછવાની અંદર પડયો હતો. પછી મધ્યાન સમયે મારો મછવો આ દ્વિપના કાંઠા નજદીક આવી પહોંચ્યો, ત્યારે હું પણ જરા હિમત લાવી ઉભો થયો, તથા તે કાંઠા તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. પણ શરીરમાં કૈવત ન હોવાને લીધે, ભમરી ખાઇ એક-દમ તે સમુદ્રમાં જઈ પડયો. પણ ભાગ્યયોગે કાંઠો નજદીક હોવાથી ત્યાં પાણી ઘણું ઉંડું નહોતું, તથા કાંઠો પણ ઘણો દૂર નહોતો. તેથી હિમત રાખી તરવા લાગ્યો, તથા છેવટે આ કાંઠે આવી ઉતર્યો. ત્યાં ઉત-રીને ચોમેર દૃષ્ટિ કરવા લાગ્યો, તોપણ મારી દૃષ્ટિએ કોઇ મનુષ્ય પડયું નહીં. ત્યાં માત્ર જંગલી પશુ પક્ષિઓના અવાજ સંભળાતા હતા, વૃક્ષો ઘણાં જોવા-માં આવતાં હતાં. તે વખતે ચૈત્રમાસ હતો, તેથી આ-ગ્રના વૃક્ષોપર સુંદર ફળો ઝુમખા બંધ લટકી રહ્યાં હતાં. તે વખતે તાપ ઘણોજ સખ્ત પડતો હતો, તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું તેમાના એક વૃક્ષતળે જઇ બેઠો. તે વખતે મને ક્ષુધા ઘણીજ લાગેલી હતી, તેથી તે વૃક્ષપર રહેલાં અમૃત સરખાં આમ્ર ફળોને તોડી, મારી ક્ષુધાનું મેં નિવારણ કર્યું. તે જગોએ પર્વતના એક ભાગમાંથી નિર્મળ પાણીનું ઝરણું વેહેતુ હતું, તેમાંથી જળ પીને તૃષાનું પણ નિવારણ કર્યું. પછી મારા શરીરમાં પણ જરા ચેતન આવ્યું, તેથી આસપાસની ભૂમી જોતો જોતો આગળ ચાલ્યો. ત્યાં વનમાં જાંબુનાં વૃક્ષો પોતાના ફળોના ભારથી નીચે નમી ઝુમી રહ્યાં હતાં. તે જાણે કે મને નમસ્કાર કરતાં હોય નહીં તેમ દેખાવા લાગ્યાં. તેપર બેઠેલાં વિવિધ પ્રકારના પક્ષીઓએ પોતાના ગંભીર નાદથી સમસ્ત અરણ્યને ગજાવી મૂકયું હતું. પછી આગળ ચાલતાં ચાલતાં થાક લાગવાથી એક આમ્રના વૃક્ષનીચે જરા વિસામો લેવાની આકાંક્ષાથી તે તરફ પ્રયાણ કરવા લાગ્યો. ત્યારે તેપર બેઠેલી કોકીલાઓ પોતાના મધુર સ્વરથી મને અતિથિ જાણી, જાણે કે બોલાવતી હોય નહીં તેમ ગાયન કરવા લાગી. પછી હું પણ તેઓનો આદરસત્કાર જોઇ, તે વૃક્ષનીચે જઇ બેઠો. તે વખતે પાસે રહેલા બીજા વૃક્ષપર બેઠેલી એક કોયલ, જે વૃક્ષનીચે હું બેઠેલો હતો તે વૃક્ષ પર આવીને તેપર બેઠેલી કોયલોમાની એકની સાથે લડવા લાગી, તથા છેવટે તે કોયલને ત્યાંથી ઉડાડી મધુર સ્વરે ગાવા લાગી; તે જાણે કે મને પોતાનો અતિથિ કરવા વાસ્તે તે કોયલપર ઇર્ષ્યા લાવી તેની સાથે લડી, મને બો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાવવા આવી હોય નહીં એમ મારા હૃદયમાં જણા-
વા લાગ્યું. ત્યાં થોડીવાર વિસામો લઇ, આગળ
ચાલવા લાગ્યો, તે વખતે તે વૃક્ષપર બેઠેલી કોયલ
પણ ત્યાંથી ઉડી, આગળ ચાલવા લાગી, તે જાણે કે
મને વળાવવા આવતી હોય નહીં એમ દેખાવા લાગ્યું.
પછી આગળ ચાલતાં ચાલતાં મારી દૃષ્ટિએ એક નિ-
ર્મળ જળથી ભરપૂર સરોવર પડ્યું. તેની અંદર સુંદ-
ર કમળના પુષ્પો વિકસ્વર થયાં હતાં. તેઓ-
ના આમોદથી લુબ્ધ થઇ, કેટલાક ભમરાઓ
તેઓની આસપાસ ગુંજારવ કરી રહ્યા હતા. વળી
તે તળાવમાં કેટલાંક જળચર પ્રાણીઓ ક્રીડા કરી
રહ્યાં હતાં. તે સરોવરની આસપાસ આમ્ર, જાંબુ,
જંબીર, નારંગી, આદિક અનેક વૃક્ષો દૃષ્ટિએ પડતાં હતાં.
તે ઉપર વિવિધ પ્રકારના પક્ષીઓ ગાયન કરી રહ્યાં
હતાં. આસપાસ ઉગેલાં જાઇ, જુઇ, ડોલર, ગુલાબ,
ચંબેલી આદિક અનેક જાતના પુષ્પોએ જમીનને શ-
ણગારી મૂકી હતી. આવી રીતે તે તળાવની આસ-
પાસની જગો ઘણીજ રમણીક લાગતી હતી તેથી તે
સમયે હું મારૂં સઘળું કષ્ટ વિસરી ગયો. તે જગોએ
આવી સુંદરતા છતાં એક પણ મનુષ્ય દ્રષ્ટિએ
પડતું નહોતું. પછી હું તે તળાવના તટપર ઉગેલાં
એક વૃક્ષ નીચે જઇ બેઠો, તથા વિચાર કરવા લાગ્યો
કે, અહો! આ કેવું રમણીક વન છે! માત્ર આ
જગોએ કોઇ મનુષ્ય નથી, તેથી જરા ભયંકર લાગે
છે, એમ વિચાર કરૂં છું, એટલામાં સૂર્ય, પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્ર અસ્તાચળ પર્વતને જલદી જઇ મળવાની તૈયારી કરવા લાગ્યો. તે વખતે મેં વિચાર્યું કે, આ અઘોર જંગલમાં ફાડી ખાનારાં જાનવરો પણ ઘણા રહેતાં હશે, તથા વળી અહીં જળાશય છે, માટે રાત્રીને સમયે તેઓ અહીં જળપાન કરવાવાસ્તે પણ આવતાં હશે, માટે કોઇ વૃક્ષપર ચડી જઇ, રાત્રી નિર્ગમન કરવી. એમ વિચારી એક આમ્રના વૃક્ષપર ચડી ગયો. એટલામાં અંધકાર પણ પોતાનો વારો આવ્યો જાણી સમસ્ત જગતપર પોતાની સત્તા ચલાવવા લાગ્યો. પક્ષીઓ સઘળાં પોતપોતાને સ્થાનકે જઇ, એક પણ શબ્દ બોલ્યાવિના ત્યાં છુપાઇ રહ્યાં. થોડી રાત્રી ગયા પછી, સિંહ, વાઘ વિગેરે પ્રાણીઓની ઘોર ગર્જનાઓ સંભળાવા લાગી. ત્યારે મારા હૃદયમાં પણ ઘણો ત્રાસ પડવા લાગ્યો. છેવટે મધરાત સમયે એક વિશાળ કદનો, સિંહ, પોતાની પુંછડી ઉંચી કરી મેઘસરખી ગંભીર ગર્જના કરતો, તે તળાવ પાસે પાણી પીવા વાસ્તે આવી પહોંચ્યો. તેની ગર્જનાના પ્રતિશબ્દથી આ તળાવ ગાજવા લાગ્યું. તે વખતે મારા હોંશ તો ઉડી ગયા. પણ નશીબ ચોગે પાણી પીને તે સિંહ ઉત્તર દિશા તરફ ચાલ્યો ગયો. એવી રોતે રાત્રી તો નિર્ગમન થઇ. સવાર થયું એટલે સૂર્ય લાલ કિરણો રૂપી બાણની વૃષ્ટિથી અંધકાર રૂપી પોતાના શત્રુને મારવા લાગ્યો, તેથી અંધકાર પણ નાશવા લાગ્યો. સઘળા પક્ષીઓએ પોતપોતાના માળામાંથી બહાર નીકળી, કળકળાટ શબ્દ કરી, દિશાઓને ગજાવી મૂકી. કમળની પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના પતિ સૂર્યને આવેલો જાણી પુષ્પ રૂપી દ્વારને ઉઘાડવા લાગી. તથા સૂર્ય પણ પોતાના કિરણોથી તેમને ચુંબન કરવા લાગ્યો. પુષ્પોની આસપાસ ભમતા ભમરાઓ પણ, પોતાના મધુર ગુંજારવોથી, તેમની પાસેથી રસ લેવા વાસ્તે જાણે કે, અભ્યર્થના કરતા હોય નહીં, તેમ દેખાવા લાગ્યા. જળચર પ્રાણીઓ પણ પાછાં તળાવમાં નિઃશંક રીતે ક્રીડા કરવા લાગ્યાં. પછી આ સઘળી રમણીકતા જોઇને રાત્રીએ થયેલા ભયને તો હું તદ્દન વિસરી ગયો. પછી તો તે મનોહર જગો છોડી આગળ ચાલવાને મારી ઇચ્છા રહીં નહીં. તથા આગળ શું હશે? તે જોવાની પણ ઘણી આકાંક્ષા રહી. છેવટે મેં આગળ ચાલવાનો નિશ્ચય કર્યો. તેથી ત્યાંથી નિકળી આગળ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં થાકી જવાથી એક વૃક્ષ નીચે વિશ્રામ લેવા બેઠો. એટલામાં આ દ્વિપની અધિષ્ટાતા દેવી હાથમાં તરવાર લઇ, વિકાળ રૂપ કરી, મારી પાસે આવી પહોંચી, અને મને પોતાની સાથે વિષય સુખ ભોગવવાનું કહ્યું. ત્યારે મેં પણ મૃત્યુની બીકથી તે કબુલ કર્યું. પછી એક દહાડો તે દેવી કોઇ અન્ય દ્વિપમાં ગઇ ત્યારે, મને કહેતી ગઇ કે, તારે દક્ષિણ દિશા શિવાય બીજી દિશામાં જવું. એમ કહી તે તો ત્યાંથી ગઇ. પછી મારા મનમાં શંકા પડવાથી હું દક્ષિણદિશામાં આવતો હતો, એટલામાં તેણીએ મને પકડી આ શુળીપર ચડાવ્યો છે. અને વળી આ જગોએ તમેં તે કયાંથી આવી ચડયા? ત્યારે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનરક્ષિત તથા જિનપાલિત બંન્નેએ પોતાનું વૃતાંત કહી સંભળાવ્યું, તથા પૂછયું કે, ત્યારે હવે કોઇ જીવવાનો ઉપાય છે? ત્યારે તે માણસ બોલવા લાગ્યો કે, અહીંથી પૂર્વદિશાના વનમાં એક શૈલક નામે યક્ષ રહે છે. તે પુનેમને દિવસે અશ્વનું રૂપ કરી બોલેછે કે "હું કોનું રક્ષણ કરૂં? હું કોનું રક્ષણ કરૂં?" તે વખતે તમારે તેને કહેવું કે, હે યક્ષરાજ, અમારૂં રક્ષણ કરો. તેથી તે તમારૂં રક્ષણ કરશે. એમ કહી તે શુળીપર ચડેલો માણસ મૃત્યુ પામ્યો. પછી તે બન્ને જણ ત્યાંથી પૂર્વ દિશામાં જઇ, તે શૈલક યક્ષની ભક્તિપૂર્વક પૂજા કરવા લાગ્યા. પછી પુનેમને દહાડે તે યક્ષ બોલવા લાગ્યો કે, "કોનું રક્ષણ કરૂં? કોનું રક્ષણ કરૂં?" ત્યારે તે બન્નેએ કહ્યું કે, હે યક્ષરાજ અમારૂં રક્ષણ કરો. ત્યારે તે યક્ષ પ્રસન્ન થઇ તેમને કહેવા લાગ્યો કે, હું તમારૂં રક્ષણ કરીશ. પણ એક મારૂં વચન અંગીકાર કરો તો, તમને તમારે સ્થાનકે પહોંચાડીશ. ત્યારે તે બન્ને કહેવા લાગ્યા કે, જે આપ કહો, તે કરવા અમો તૈયાર છીએ. ત્યારે યક્ષ કહેવા લાગ્યો કે, તે દેવી તમારી પાછળ આવી તમોને પ્રીતિવાળાં, કોમળ તથા મધુર વચનો કહેશે, પણ જો તમારામાંનો કોઇ તેણીનાપર અનુરાગ ધરશે, તો તેને હું સમુદ્રમાં ફેંકી દઇશ. અને જો નિશ્ચળ રહી તેણીનાપર અનુરાગ નહીં રાખો, તો હું તમોને તમારે સ્થાનકે કુશલક્ષેમે પહોંચતા કરીશ. જો તમેં તેણીના તરફ દ્રષ્ટિ કરી જોશો, તો પણ હું તમોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદ્રમાં નાખી દઈશ. વળી તેણીના ભયના વાક્યો સાંભળીને પણ તમારે બીવું નહીં. આટલી બાબતમાં જો તમારો નિશ્ચય હોય, તો આ મારી પીઠપર ચડી બેસો. પછી તે બન્ને જણ તે યક્ષનું વચન અંગીકાર કરી, તેની પીઠ પર ચડી બેઠા. પછી તે યક્ષ પણ તેઓને લઈ આકાશ માર્ગે ઉડયો. ચાલતાં ચાલતાં મધ્ય સમુદ્રમાં આવી પહોંચ્યો. એટલામાં પેલી દેવી પણ પોતાને સ્થાનકે આવી. પણ ત્યાં તે બન્નેને નહીં દેખીને, વનખંડમાં તેઓની તપાસ કરવાને ગઇ. ત્યાં પણ તેણીએ તેઓને ન જોયા. તેથી જ્ઞાનનો ઉપયોગ દઇ, વિચારવા લાગી, તો તેઓને ચંપાનગરી તરફ જાતા જોયા. તેથી ક્રોધયુક્ત થઇ, હાથમાં તલવાર લઇ, તેઓની પાછળ દોડતી આવી. ત્યાં તેઓને તે યક્ષના પીઠપર ચડી જાતા જોયા. તેથી તેઓને કઠોર વચનોથી કહેવા લાગી કે, હે દુષ્ટો તમે મને છેતરીને ક્યાં જાઓ છો? જો જીવીતની ઇચ્છા હોય, તો તુરત પાછા આવો? જો નહીં આવો, તો આ ખડ્ગથી હમણાં તમારૂં મસ્તક છેદી નાખીશ. દેવીના આ વચનો સાંભળી, તે યક્ષ તેઓને ધીરજ આપવા માટે કહેવા લાગ્યો કે, જ્યાંસુધી તમે મારા પૃષ્ટ ઉપર છો, ત્યાંસુધી તમારે જરાપણ ડરવું નહીં. યક્ષનું આ વચન સાંભળી તેઓને વધારે ધીરજ આવી. પછી તે દેવી મધુર વચનોથી કહેવા લાગી કે, હે પ્રાણવલ્લભ મને છોડી તમેં ક્યાં જાઓ છો? એવી રીતના ઘણા મધુર વચનો તેણીએ કહ્યાં, તોપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદ્રમાં નાખી દઇશ. વળી તેણીના ભયના વાકયો સાંભળીને પણ તમારે બીવું નહીં. આટલી બાબતમાં જો તમારો નિશ્ચય હોય, તો આ મારી પીઠપર ચડી બેસો. પછી તે બન્ને જણ તે યક્ષનું વચન અંગીકાર કરી, તેની પીઠ પર ચડી બેઠા. પછી તે યક્ષ પણ તેઓને લઇ આકાશ માર્ગે ઉડયો. ચાલતાં ચાલતાં મધ્ય સમુદ્રમાં આવી પહોંચ્યો. એટલામાં પેલી દેવી પણ પોતાને સ્થાનકે આવી. પણ ત્યાં તે બન્નેને નહીં દેખીને, વનખંડમાં તેઓની તપાસ કરવાને ગઇ. ત્યાં પણ તેણીએ તેઓને ન જોયા. તેથી જ્ઞાનનો ઉપયોગ દઇ, વિચારવા લાગી, તો તેઓને ચંપાનગરી તરફ જાતા જોયા. તેથી ક્રોધયુકત થઇ, હાથમાં તલવાર લઇ, તેઓની પાછળ દોડતી આવી. ત્યાં તેઓને તે યક્ષના પાઠપર ચડી જાતા જોયા. તેથી તેઓને કઠોર વચનોથી કહેવા લાગી કે, હે દુષ્ટો તમેં મને છેતરીને કયાં જાઓ છો? જો જીવીતની ઇચ્છા હોય, તો તુરત પાછા આવો? જો નહીં આવો, તો આ ખડ્ગથી હમણાં તમારૂં મસ્તક છેદી નાખીશ. દેવીના આ વચનો સાંભળી, તે યક્ષ તેઓને ધીરજ આપવા માટે કહેવા લાગ્યો કે, જ્યાંસુધી તમે મારા પૃષ્ટ ઉપર છો, ત્યાંસુધી તમારે જરાપણ ડરવું નહીં. યક્ષનું આ વચન સાંભળી તેઓને વધારે ધીઆવી. પછી તે દેવી મધુર વચનોથી કહેવા લાગી હે પ્રાણવલ્લભ મને છોડી તમેં કયાં જાઓ છો? ી રીતના ઘણા મધુર વચનો તેણીએ કહ્યાં, તોપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઉપર તેઓએ જરાપણ દરકાર કરી નહીં. ત્યારે તે દેવી વિચારવા લાગી કે, આ બન્નેમાંથી હવે એકને ભોળવવાનો ઉપાય કરું; એમ વિચારી તેણીએ જિન-રક્ષિતનું નામ લઇ કહેવા માંડયું કે, હે પ્રાણનાથ તમેં મને બહુજ વહાલા છો, હું તમારા પર અત્યંત પ્રેમ રાખું છું, તમારાપર મારો સ્નેહ નિશ્ચલ છે, તમારાવિના હું વિષય મુખ કોની સાથે ભોગવીશ? ખરેખર તમારા વિયોગથી હું આ મારા આત્માનો ત્યાગ કરીશ અને તમોને સ્ત્રીહત્યાનું પાપ લાગશે, તેથી તમારે પણ નર્કમાં જઇ નિવાસ કરવો પડશે કારણ કે, કહ્યું છે કે,

स्त्रीबालस्वामिमित्रघ्नो ।
गोघ्नो विश्वासघातकः ॥
सुरापो ब्रह्महा चोरो ।
यान्त्येते नरकावनीम् ॥ १ ॥

અર્થ—સ્ત્રી, બાલક, સ્વામિ, મિત્ર, તથા ગાયની હિંસા કરનાર, વિશ્વાસઘાત કરનાર, મદ્યપાન કરનાર, બ્રાહ્મણની ઘાત કરનાર તથા ચોર, એ સઘળા નરક-માં જઇ પહોંચે છે. ॥ ૧ ॥

માટે હે સ્વામિનાથ, મને તમારી સાથેજ તેડી જાઓ, અથવા તમેં મારા મુખ તરફ માત્ર એકજ વખ-ત દૃષ્ટિ કરો, કે જેથી મારો જીવ સુગતિએ પહોંચશે. દેવીના આવાં વચનો સાંભળી જિનરક્ષિત વિચારવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો કે ખરેખર આ દેવીનો મારાપર ઘણોજ અનુરાગ છે. માટે હું તેણીની સામું જોઉં એમાં મને શું અડચણ છે? મારે ક્યાં તેની સાથે જવું છે? વળી સામું જોવાથી તે બિચારીને સુગતિ મળશે. એમ વિ-ચારી દયા લાવી, તેણે તે દેવી તરફ દૃષ્ટિ કરી. તેજ વખતે તે યક્ષે તેને ઉછાળી સમુદ્રમાં ફેંક્યો, એ-ટલે તે દેવીએ તેને અધરથી ઝીલી લઇ, એક તીક્ષ્-ણ લોહાની શુળીમાં પરોવ્યો, અને કહેવા લાગી કે, રે પાપીષ્ટ, જો આ મારા વચનનું ફળ? એમ કહી તેને મારવા વાસ્તે ખડ્ગ કહાડ્યું. ત્યારે જિનરક્ષિત વિચારવા લાગ્યો કે, અહો! મારી દુર્બુદ્ધિનું ફળ મને મળી ચુક્યું. એમ વિચારે છે, એટલામાં તે દેવીએ તેના તલવારથી કકડે કકડા કરી સમુદ્રમાં ફેંકી દીધા. પાછી જિનરક્ષિતપાસે આવી, મધુર વચનો બોલી તેને પણ ચળાવવાનો પ્રયત્ન કરવા લાગી. ત્યારે યક્ષ તે જિનપાલિતને કહેવા લાગ્યો કે, જો તું પણ તેણીનાપર દયા લાવી અનુરાગ કરશે, તો તારી પણ તે જિનર-ક્ષિતની પેઠેજ અવસ્થા થશે. યક્ષનું આ વચન સાંભ-ળી તેણે ઘણીજ ધીરજ રાખી. પછી દેવી તેને ચ-ળાવવાને ઘણા હાવભાવ કરવા લાગી, પણ તેણીના વચનોથી તે જિનપાલિત તો જરા પણ ચલાયમાન થયો નહીં. ત્યારે દેવી વિચાર કરવા લાગી કે, ખરેખર આ માણસ ચલાયમાન થાય તેમ નથી. એમ વિચારી તે પણ પોતાને સ્થાનકે ગઇ. હવે તે જિ-નપાલિત તો યક્ષની પીઠપર નિશ્ચિંતપણે બેશી ચાલવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો. પછી ચાલતાં ચાલતાં અનુક્રમે તેઓ ચંપાપુરીપાસે જઇ પહોંચ્યા. પછી યક્ષે તે નગરના દરવાજા આગળ આવી જિનપાલિતને નીચે ઉતાર્યો. તે વખતે જિનપાલિત તે યક્ષની ઘણીજ સ્તુતિ કરવા લગ્યો કે, હે યક્ષરાજ હું ક્યારે આપના ઉપકારનો બદલો વાળીશ? એવી રીતે તેણે તે યક્ષની ઘણીજ સ્તુતિ કરી. પછી તે યક્ષે જતી વેળાએ તેને કહ્યું કે, હે જિનપાલિત, આ એક શ્લોક હું તને કહું છું તે તારે હમેશાં યાદ રાખવો. એમ કહી કહેવા લાગ્યો કે,

**कान्ताकटाक्षविशिखानलुनन्ति यस्य ।**
**चित्तं न निर्दहति कोपकृशानुताप: ॥**
**कर्षन्ति भूरिविषयांश्च न लोभपाशा ।**
**लोकत्रयं जयतिकृत्स्नमिदं स धीर: ।१।**

અર્થ—જે માણસના હૃદયને પ્રમદાઓના કટાક્ષરૂપી બાણ ભેદતાં નથી, તથા ક્રોધરૂપી દાવાનલ જેના ચિત્તને બાળતો નથી, તથા જેનો લોભરૂપી પાસ અનેક વિષયોને ખેંચતો નથી, એવા ધીર પુરૂષો આ સમસ્ત ત્રણ જગતને જીતે છે ॥ ૧ ॥

પછી યક્ષ આ શ્લોક તે જિનપાલિતને કહી ચાલતો થયો. પછી જિનપાલિત પણ ઘેર આવી પોતાના સગાવહાલાઓને મળ્યો, તથા પોતાના ભાઇના મૃત્યુની વાત કહી બતાવી. તેથી તેઓ સઘળા ઘણાંજ દિલગિર થયા. પછી તેઓએ તેનું મૃત્યુકારજ કર્યું. પછી તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સઘળા સુખ સમાધિથી રહેવા લાગ્યા. એવામાં ત્યાં વીર પ્રભુ આવી સમોસર્યા. ત્યારે માકંદી અને જિનપાલિત બન્ને વીર જિનેશ્વરને વાંદવા ગયા. ત્યાં વીરપ્રભુની દેશના સાંભળી તેઓને દીક્ષા ગ્રહણ કરવાની આકાંક્ષા થઇ. પછી તેઓ બન્ને ઘેર ગયા, તથા ત્યાં જિનપાલિતના પુત્રને ઘરનો વહિવટ સોંપી, વીરપ્રભુ પાસે આવી તે બન્ને બાપ દીકરાએ શુદ્ધ ચિત્તથી દીક્ષા લીધી. ઘણો કાળ દીક્ષા પાળી, આકરા તપ તપી, તે બન્ને સુગતિએ ગયા. માટે એવું જાણી હે ભવ્ય લેકો! તમેં પણ તે જિનરક્ષિતની પેઠે સ્ત્રીઓના વિચિત્ર વિલાસોમાં રક્ત થઇ, નરકા વાસમાં રહેલા અપાર દુઃખો ભોગવવાની હૃદયમાં કદી પણ આકાંક્ષા ધરશો નહીં. એવી રીતે શ્રી ધર્મઘોષ આચાર્યમહારાજ દેશના દઇ રહ્યા, ત્યારે અમરદત્ત મુનિએ તે કથાનો ઉપનય ગુરૂ મહારાજને પૂછ્યો. ત્યારે ગુરૂમહારાજ કહેવા લાગ્યા કે, જેમ તે બે શેઠના પુત્ર હતા, તેમ આ સઘળા સંસારિ જીવો છે. જેવી તે રત્નદ્વિપની દેવી, તેવી અવિરતિ છે. જેમ તે દેવીએ શબનો ઢગલો કરી રાખ્યો હતો, તેમ અવિરતિથી દુઃખોના સમૂહ થાય છે. જેવો તે શુળીપર ચડાવેલો માણસ હતો, તેવો હિતશિક્ષા દેનાર ગુરૂ જાણવો. જેમ તે માણસે સમુદ્ર તરવાને શૈલિક યક્ષ બતાવ્યો, તેમ ગુરૂ સંસારરૂપી સમુદ્ર તરવાને સયમ આપે છે. જેવો તે સમુદ્ર હતો, તેવો આ સંસાર જાણવો. જેમ તે દ્વિપની દેવીને વશ થએલા જિનરક્ષિતનો નાશ થયો, તેમ અવિરતિને વશ થએલા આ સંસારી જીવનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ નાશ થાય છે. અને જેમ તે જિનપાલિત, તે દેવીના વચનપર વિશ્વાસ નહીં રાખી, યક્ષના વચનથી પોતાને સ્થાનકે પહોંચ્યો, તેમ આ જીવ જો અવિરતિનો ત્યાગ કરી, પવિત્ર ચારિત્રમાં નિશ્ચલ રહે, તો તે થોડીજ મુદતમાં અષ્ટ કર્મનો ક્ષય કરી, નિર્વાણ સુખ મેળવે છે. માટે એવું જાણી હે રાજરૂષિ, ચારિત્ર અંગીકાર કરીને સ્ત્રી વિલાસમાં જરા પણ રક્ત ન થવું. ગુરૂની આ શિખામણ સાંભળી, તે અમરદત્ત મુનિ અતિચાર રહિત ચારિત્ર પાળવા લાગા. પછી ગુરૂ મહારાજે રત્નમંજરી સાધ્વીને પણ બીજી સાધ્વીઓ પાસે મોકલી. ત્યાં તે પણ હમેશાં અતિચાર રહિત સંયમ પાળવા લાગી. છેવટે તે બન્ને નિર્મળ તપ કરી, તથા શુદ્ધચિત્તે સંયમ પાળી, કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા. માટે એવું જાણી હે ભવ્ય લોકો! તમેં પણ કદી કષાયના ફાંસામાં ફસો જઇ, મિત્રાનંદની પેઠે તમારા આત્માને દુર્ગતિમાં ફેંકવાને જરા પણ તમારા દિલમાં આકાંક્ષા ધરશો નહીં. નહીં તો તેની પેઠે તમારે પણ અપાર દુઃખ સહન કરવું પડશે. માટે સર્વ લોકો તે દુષ્ટ કષાયોનો ત્યાગ કરી શ્રી વીતરાગ મહારાજે કહેલા શ્રી જૈનધર્મમાં તત્પર થશે એવી હું આશા રાખું છું. એજ વિનંતિ.

# इति श्रिमन्नूतननगरापराभिधान

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इति श्रीमन्नूतननगरापराभिधानजाम
नगरनिवासितत्त्वातत्त्वावबोधदुग्धसलिल
भिन्नकर्मविध्येकराजहंससदृशश्राद्धवर्यहं
सराजात्मजेनाल्पमतिहिरालालाभिधेन
दुःखाम्भोभरनिर्भरभूरिभ्रमद्भीमदुष्टाष्टक
र्मोत्तुङ्गतरङ्गदुस्तरदुर्वारासारसंसारापारपा-
रावारापरपारगमनार्थप्राप्तजगत्त्रयोत्तंसित-
यशश्चारित्रप्रवहणस्य श्रीमद्गुरुमहारा-
जश्रीचारित्रविजयस्य सुप्रसादादस्य भ-
विकजीवधनदाभिधश्राद्धवर्यस्यजगज्जनसुख
बोधहेतवे संस्कृतगिरो गुर्जरभाषायां स्वा-
ल्पमत्या पवित्रचरित्रं मुनि वेदाङ्कचन्द्रैः परि-
मिते शुभवर्षे माघमासे कृष्णपक्षे नवमी
तिथौ बुधवासरे ऽयनिर्मीयत ॥ श्रीरस्तु

॥ समाप्तोऽयं ग्रन्थः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अथश्री हीरालालविरचितं मोहन लालजिन्मुनिवराष्टकम्.

भविजनाम्बुजबोधदिवाकरो ।
लघु कुबोधतामिस्त्रगणापहः ॥
सुगुरुमोहनलालजिदाह्वयो ।
भवतु सोऽथ ममा तिविभूतये ॥१॥

ભાવાર્થ—ભવ્ય માણસોરૂપી કમળને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન, તથા અજ્ઞાનરૂપી અંધકારનો તુરત નાશ કરનારા શ્રી મોહનલાલજી ગુરૂમહારાજ મારી ચડતીને અર્થે થાઓ. ॥ ૧ ॥

विकसितं च मनोज्ञपदाम्बुज ।
मभिनवं किल यस्य सुखावहम् ॥
तद भिवर्ज्य परं न च सेवितुं ।
भविकचंचरिको हि समीहते ॥२॥

ભાવાર્થ—જે ગુરૂ મહારાજના વિકસ્વર થએલા, તથા સુખ આપનારા એવા ચરણરૂપી મનોહર નવાકમળને છોડીને આ ભવિકરૂપી ભમરો અન્યને સેવવાની ઇચ્છા કરતો નથી. ॥ ૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**यस्यवाणीसुधाधारांवदनेन्दोर्विनिर्गताम्॥**
**पीत्वाजरामरत्वंचाभजतेभविकोजनः॥३॥**

ભાવાર્થ—જે ગુરૂના મુખરૂપી ચંદ્રમાંથી નિકળેલી વાણી રૂપી અમૃતની ધારાનું પાન કરીને ભવ્ય માણસ અજરામર થાયછે. ॥ ૩ ॥

**गुरुत्वं सार्थकंयस्य । क्रोधादिसुभटायतः॥**
**ऊध्धृत्यदुर्गतौतेऽपिपातितुंतमनीश्वराः॥४॥**

ભાવાર્થ—આ મુનિરાજના "ગુરૂપણાને" હું સાર્થક માનું છું. કારણ કે ક્રોધ આદિક સુભટો પણ તેને ઉચકીને દુર્ગતિમાં પાડવાને અશક્ત થયા. અર્થાત તેની પાસે ક્રોધ આદિક કષાયોનું કંઈ જોર ચાલ્યું નહીં. ॥ ૪ ॥

**गुणागारेगुरावस्मि । निदंचित्रं तु भातिमे ॥**
**यतोमुक्तास्पदंमुक्त्वामुक्तसगंसमुत्सुकः॥५॥**

ભાવાર્થ—ગુણના ભંડારરૂપ એવા આ ગુરૂ મહારાજમાં એક વાત મને આશ્ચર્ય ઉપજાવે છે. તે એકે "મુકતના" સમૂહનો ત્યાગ કરીને પાછા તે "મુકતના" સંગની ઈચ્છા રાખે છે. એ તો વિરોધ થયો. પણ તેનો પરિહાર એમ છે જે, "મુકતના" સમૂહને એટલે મોતીના સમૂહને અર્થાત દ્રવ્યને છોડીને "મુકતના" સંગની એટલે મોક્ષે ગએલા માણસોના સંગની ઇચ્છા રાખે છે. ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तस्याथ सा श्मश्रुसितालकानां ।
श्रेणिर्विभातीह शुभा विशाला ॥
पराङ्मुखत्वं प्रमदासु वीक्ष्य ।
मुक्तेव मुक्त्या त्र कटाक्षमाला ॥६॥

ભાવાર્થ—તે ગુરૂ મહારાજની ડાઢી ઉપર રહેલી શ્વેત વાળની વિશાળ શ્રેણિ, જાણે કે હવે તે ગુરૂમહારાજની અન્યસ્ત્રીઓમાં લાલસા નથી એવું જોઇને, મુકિતરૂપી સ્ત્રીએ કટાક્ષોની માળા મુકી હોય નહીં તેમ શોભે છે. ॥ ૬ ॥

चित्रं यदस्यांघ्रिसरोरुहश्री: ।
शुभा बभूवा त्र न हीनलक्ष्मी: ॥
तस्या ननेन्दावुपरिस्थितेऽपि ।
महत्प्रभावो महतां हि मन्ये ॥७॥

ભાવાર્થ—વળી મને એક આશ્ચર્ય લાગે છે કે, આ ગુરૂ મહારાજના મુખરૂપી ચંદ્રમા પાસે છે, તો પણ તેના ચરણરૂપી કમળતો પ્રફુલ્લિતજ રહ્યાં. નહીંતર ખરૂં જોતાં ચંદ્ર ઉગ્યાથી કમળ તો બિડાઈ જવું જોઈએ. પણ અહીં તો તેથી ઉલટું જ થયું. માટે હું એમ માનું છું કે, મોટા પુરૂષનો મોટોજ પ્રભાવ હોય ॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रविराचि तामिदंमया ष्टकंहि ।
गुरुवरमोहनलालभाक्तिरूपम् ॥
नयगतिनिधिचन्द्रपूर्णवर्षे ।
वरमधुमासि हि वज्रचन्द्रनाम्ना॥८॥

ભાવાર્થ—એવી રીતે ગુરૂમહારાજ શ્રી મોહનલાલજી મહારાજની ભક્તિરૂપ આ અષ્ટક જામનગર નિવાસી શ્રાવક હીરાલાલે (હીરાચંદે) સંવત ૧૯૪૭ ના ચૈત્રમાસમાં બનાવ્યું છે. ॥ ૮ ॥

इति जामनगरानिवासिश्रावकहंसराजात्मजहीरालालविराचितं श्रीमोहनलालजिदभिधगुरुवरभक्तिरूप मष्टकं समाप्तम्

॥ इति ॥

## શ્રી મોહનલાલજી મહારાજની સ્તુતિ.

મુજ ઉપર ગુજરી (એ રાગ)

નમો નમો ભવિક જીવ આજ હૃદયમાં ધારી;
શ્રી મોહનલાલજી મુનિવર જે ઉપકારી ॥ ૧ ॥
જેનું જ્ઞાન જગતમાં અતિ ઘણું છે આજે;
નમું તે ગુરૂને હું મોક્ષ મેળવવા કાજે ॥ ૨ ॥
જેનું નામ લીધાથી નિબિડ પાપ પણ જાવે;
જેમ સૂર્ય ઉગ્યાથી તિમિર અંતને પાવે ॥ ૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેણે ક્રોધમાન માયાદિક વેરી ભારે;
માર્યા આજે તે ઉપશમ રૂપ તલવારે ॥ ૪ ॥
જે પ્રથમ ગોરજી હતા પરિગ્રહ ધારી;
પણ પછી થયા સંવેગી સાધુ અધિકારી ॥ ૫ ॥
જેના ન્યાય વચનથી પરવાદી પણ કંપે;
જેમ સિંહનાદથી મૃગ કુલ ક્ષણ નહીં જંપે; ॥ ૬ ॥
જેની ગર્જના સરખી સાંભળી વાણી કાને;
ભવીજન રૂપી આ મયૂર આનંદ પામે. ॥ ૭ ॥
ચડયા પંચ મહાવ્રત રૂપ ગિરિવર ઉપરે;
ત્યાં મોક્ષ દ્વાર રૂપ સંયમ જોયું નજરે ॥ ૮ ॥
એમ નરક ગામિની ભામિની છાંડી જેણે;
લેવા મુકિત તણી નમણી રમણી તેણે ॥ ૯ ॥
એમ સ્તુતિ કરી સંવત ઓગણીસ સડતાલે;
ચૈત્ર માસ સીત એકાદસીને રવીવારે ॥ ૧૦ ॥
હીરાલાલ કહે એમ જેજન ગુરૂ ગુણગાસે;
તસ હંસ ખરેખર તુરત અમરપદ જાસે ॥ ૧૧ ॥

ઈતિ જામનગર નિવાસી શ્રાવક હીરાલાલ વિ. હંસરાજે શ્રી મોહનલાલજી મહારાજની સ્તુતિરૂપે કરેલી કવિતા સમાપ્તા.

સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞપ્તિ.

સર્વ જૈન બંધુઓને નિવેદન કરવાનું કે કોઈ પણ સંસ્કૃત ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવવાની જેઓને આકાંક્ષા હોય તેઓએ નીચે સહી કરનારને પત્રદ્વારાએ અથવા જાતે મળી ખુલાસો કરવો.

નીચે જણાવેલાં પુસ્તકો અમારા તરફથી કીમત મોકલી આપતાં નીચે જણાવેલી જગાએથી મળશે.

| | કીમત રૂ. | પોષ્ટેજ |
|---|---|---|
| ધનદ ચરિત્ર.......................... | ૧ | ०)॥ |
| હીરાલાલ કૃત સંગીત ચોવીસી...... | ०)ー॥ | ०)०॥ |
| મંગળકળશ ચરિત્ર | ०)≡ | ०)०॥ |

કુમારપાળ તથા હેમાચાર્યજી મહારાજ ચરિત્ર (હવેપછી)

પુસ્તકો મળવાનાં ઠેકાણાં

મુંબઈ—અમારે ત્યાં ભીંડીબજાર પારસી સોરાબજીનીચાલીમાં

મુંબઈ—મી૦ ફતેચંદ કર્પૂરચંદ લાલન કીકા સ્ટ્રીટ ઘર નં ૮૪

જામનગર—શા૦ હંસરાજ શામજી ચોરીવાળા દેરા પાસે

તથા બીજા ગામોની જૈનશાળાઓમાંથી મળશે.

હીરાલાલ વિ. હંસરાજ જામનગરવાળા.

વક્તા—સભામાં ઉભા રહી છટાદાર ભા[illegible] કરવાના ઉત્તમ નમુનાવાળો આ ભાષણ કળાનો ગ્રંથ તેના યોજક મી૦ ફતેચંદ કર્પૂરચંદ લાલન અમારા સ્નેહી તરફથી થોડા વખતમાં બહાર પડશે. આગળથી ગ્રહાક થનાર પાસેથી પોષ્ટેજ સુધાં રૂ૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only